Published on 2nd Every Month

# સોનેરી બાલવાડી


વર્ષ : ૧૧ | અંક : ૧૩૨ | જુલાઈ - ૨૦૨૦ | કુલ પેજ - ૪૦

Vol. 11 | No. 132 | July - 2020 | Total pages - 40

છૂટક નકલ રૂા. ૫/-
Retail Copy Rs. 5/-

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/-
Annual Subscription Rs. 50/-




### માનદ્ તંત્રી - શ્રીમતી સોનલ ટેનીલ્સ ક્રિસ્ટી

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૬. ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧
E-mail : gtbs_1852@yahoo.co.in

### માનદ્ સેક્રેટરી - આશિષ માર્ટીન ક્રિશ્ચિયન

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,
અમદાવાદ-૬. ફોન : ૦૭૯-૨૬૪૪૫૨૮૧



### તંત્રી સલાહકાર મંડળના સભ્યો

શ્રીમતી લિલ્યનબહેન સી. ક્રિસ્ટી
શ્રીમતી ક્લેરાબહેન ટી. ક્રિશ્ચિયન
શ્રીમતી એલ્વીના સુશીલ પાંડવ


## સંસ્થાની જાહેરાત

**આથી જણાવતા આનંદ અનુભવીએ છીએ કે, હવેથી સોનેરી બાલવાડીમાં જાહેરાત સ્વીકારવામાં આવશે જે માટેની વિગતો નીચે પ્રમાણે છે.**

(૧) બાલવાડી ટાઈટલ પેજ નં. ૨ ઉપર ફોર કલર ફોટા, અભિનંદન, શુભેચ્છા છાપવા માટેના દર રૂા. ૩૦૦૦/- રહેશે.
(૨) મારી સોનેરી બાલવાડીમાં મારી છબી. શુભેચ્છા સંદેશ ફોટો સાથે રૂા. ૧૭૫-૦૦ રૂા. (એકસો પંચોતેર)
(૩) સાદુ આખુ પેજ સીંગલ કલરમાં રૂા.૧,૦૦૦-૦૦
(૪) સાદુ અડધુ પેજ રૂા.૫૦૦-૦૦
(૫) સાદુ પેજ ૧/૪ રૂા.૩૦૦-૦૦

માનદ્ સેક્રેટરી - આશિષ માર્ટીન ક્રિશ્ચિયન
બિઝનેસ આસી. - શ્રી પૉલ ક્રિસ્ટી

## ગ્રાહકોને જાણ સારુ

સોનેરી બાલવાડી દર માસની ૨ તારીખે પ્રસિદ્ધ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૫૦/-( પચાસ પૂરા )છે. પરદેશ રૂા. ૫૦૦/- (પાચસો રૂપિયા) છે. છૂટક નકલની કિંમત રૂા. ૫-૦૦ છે.

કોઇપણ માસથી ગ્રાહક થઇ ડિસેમ્બર સુધીનું લવાજમ ભરી શકાશે.

સોનેરી બાલવાડીનું લવાજમ મોકલવાનું સ્થળ, સરનામામાં ફેરફાર વિષે તથા અંક ન મળવા વિષે ફક્ત સેક્રેટરીશ્રીના સરનામે પત્રવ્યવહાર કરવો.

ગુજરાતી અથવા અંગ્રેજી ભાષામાં લેખો, વાર્તા, ટૂંકી વાર્તા, જાણવાજેવું, ગીતો, ટૂચકા વગેરે કૃતિઓ તંત્રીશ્રીને **પોસ્ટથી કે ઈ-મેઈલથી** મોડામાં મોડા તા. ૭ મી સુધીમાં મોકલી આપવી. અન્યત્ર પ્રસિદ્ધ થયેલી કૃતિઓ મોકલવી નહિ. લેખકે પુરેપુરૂ નામ, સરનામું, ફોન નંબર જણાવવો.

શુદ્ધ જોડણી અને સુવાચ્ય અક્ષરે ફૂલસ્કેપ કાગળની એક જ બાજુ પર વાદળી શાહીથી લખવું. લખાણ પાછું મેળવવા સરનામાં સહીત પૂરતી ટપાલ ટિકિટ બીડવી. તમારી કૃતિઓ સલાહકાર મંડળ તપાસે છે યોગ્ય લાગતાં સ્વીકારવામાં આવે છે.

સોનેરી બાલવાડીમાં છપાતા લખાણ માટે તંત્રીશ્રી જવાબદાર નથી.

તમારી સ્કૂલ, કોલેજ, ઓફિસ, શહેરની લાઇબ્રેરી, વાંચનાલય, વૃદ્ધાશ્રમ, હોસ્ટેલોમાં અંકો મોકલવા સરનામું આપશો. આ જગ્યાઓએ સોનેરી બાલવાડી મોકલવા માટે તમે લવાજમ સ્પોન્સર કરી શકો છો.

સોનેરી બાલવાડીને વધુ ઉપયોગી અને અર્થપૂર્ણ બનાવવા તમારા સૂચનો અને અભિપ્રાયો લખીને મોકલશો.

આપણા બાળકો જેઓ ૧ થી ૧૨ વર્ષના છે. તેમની જન્મ તારીખ સાથે **ફ્રન્ટ પોઝનો પાસપોર્ટ સાઈઝનો ફોટો મોડામાં મોડો ૧૫ તારીખ** સુધીમાં મોકલશો. તે છાપવામાં આવશે. સાથે રૂા. ૧૭૫/- દાન મોકલવું જરૂરી છે.

સોનેરી બાલવાડીના મુખ્ય પૃષ્ઠને સ્પોન્સર કરી શકો છો એક માસનો ખર્ચ આશરે રૂા. ૪૦૦૦/- થાય. ચાર કલરમાં.



# સોનેરી બાલવાડી

(ગુજરાતી માસિક)
જુલાઈ - ૨૦૨૦

વર્ષ (પુસ્તક)-૧૧ અંક - ૧૩૨
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

*PRINTER & PUBLISHER*
**Ashish Martin Christian**
(SECRETARY)
GUJARAT TRACT & BOOK SOCIETY

*PLACE OF PRINTING*
**SCREEN DOT PRINTERS**
SHAHPUR CHURCH BUILDING,
BAHAI CENTRE, SHAHPUR,
AHMEDABAD - 380 001.
M. : 9825041498

*OWNER AND PLACE OF PUBLICATION*
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
SAHITYA SEVA SADAN, NEAR GUJARAT COLLEGE,
ELLISBRIDGE,
AHMEDABAD-380 006.
PHONE NO. - (079) - 26445281
E-mail : gtbs_1852@yahoo.co.in

PRINTED AND PUBLISHED BY
**Ashish Martin Christian**
(SECRETARY) ON BEHALF OF
GUJARAT TRACT AND BOOK SOCIETY
PRINTED AT
**SCREEN DOT PRINTERS,**
SHAHPUR CHURCH BUILDING,
BAHAI CENTRE, SHAHPUR,
AHMEDABAD - 380 001.
AND PUBLISHED FROM
GUJARAT TRACT AND
BOOK SOCIETY,
SAHITYA SEVA SADAN,
NEAR GUJARAT COLLEGE,
ELLISBRIDGE,
AHMEDABAD - 380006.
***HON. EDITOR :***
**SONAL TENILS CHRISTIE**


## અનુક્રમણિકા


૧ તંત્રીશ્રીની કલમે....................સોનલ આન્ટી.............૦૪
૨ મનન..............................એલ્વીના એસ. પાંડવ.......૦૬
૩ આંખ-શરીરનો દીવો..............પારૂલ રોબર્ટ ક્રિશ્ચિયન.....૦૮
૪ લોકડાઉનમાં શ્રદ્ધા.................સંજય વાઘેલા.............૦૯
૫ પ્રાર્થનાનું વજન....................જયપ્રકાશ ડી. રૉય..........૧૦
૬ મશ્કરી............................પ્રિતી સ્વપ્નીલ ક્રિસ્ટી........૧૧
૭ એકતાનું બંધન....................નોરીન હેબલ................૧૨
૮ સૂતેલો સિંહ................નીલંજના સુધીર કોલીન્સ...........૧૪
૯ નર્સની કલમે.....................મારીશા ક્રિશ્ચિયન...........૧૬
૧૦ ટીનેજ કોર્નર
હવે શું કોવિડ ૧૯ પછી...........નિલમ રૉય.................૧૮
૧૧ ચિત્રવાર્તા.........................કલેરા ક્રિશ્ચિયન...............૨૦
૧૨ બાળ લેખકોની કલમે
ખરા મદદગાર...................પ્રાર્થના હેરી...................૨૨
૧૩ સન્ડેસ્કૂલ એસાઈન્મેન્ટ ........................................૨૪
૧૪ સાક્ષી....................................નિસર્ગ દેસાઈ.......૧૭
૧૫ ગીતગુંજન
સાત વાના................................કલેરા ક્રિશ્ચિયન......૨૮
**Good child**...............................................૨૮
ચાલીએ ઈસુની પાછળ આજ..........નોરીન હેબલ...........૨૯
**Little light of mind** ...................................૨૯
૧૬ અવનવી વાતો
પાણી...પાણી...પાણી..............સંકલન....................૩૨
૧૭ રંગપૂરણી......................અમિત ક્રિસ્ટી...................૩૨
૧૮ પ્રભુ ઈસુના ચમત્કારો..............ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટી.......૩૩
૧૯ શબ્દચોરસ કસોટી ...........નોએલ ક્રિશ્ચિયન...............૩૪
૨૦ Tony's Silver Dollar ..........Anonymous ...........૩૫
૨૧ કુહાડીની ધાર........................એલ્વિન ક્રિસ્ટી............૩૬
૨૨ Cross Word..............ફિલેમોન પરમાર...............૩૭
૨૩ બાલવાટિકા...................ગારફિલ્ડ મેકવાન..............૩૮

# તંત્રીશ્રીની કલમે

મારા પ્રિય મિત્રો,

આપ સહુ કુશળ હશો. આ લોકડાઉન દરમ્યાન આપણને મનગમતી પ્રવૃત્તિ કરવાનો ઘણો સમય મળ્યો. કેટલાકે તેનો ભરપૂર રીતે ઉપયોગ કર્યો. સંગીત શીખવું, ચિત્ર દોરવું. ગમતા પુસ્તકોનું વાંચન કરવું, રમવું. આ બધા ઉપરાંત બાઇબલના વચનોનો વધુ ઊંડાણથી અભ્યાસ કરવો. પ્રાર્થનામાં વધુ સમય ગાળવો, પ્રભુના સેવકો મારફતે અપાતા સંદેશા સાંભળવા એમ ઘણું બધું કહી શકાય.

એક દીકરીને પેઈન્ટીંગ કરવાનો ખૂબ શોખ છે. તેણે કેનવાસ પર એક સુંદર નાની પહાડી છોકરી દોરી અને બેકગ્રાઉન્ડમાં ગયા વર્ષે તેઓ જે જગ્યાએ ફરવા ગયા હતાં તે જગ્યાને યાદ કરીને તેનું આબેહૂબ દ્રશ્ય દોર્યું. તેણે એક સુંદર પહાડી ગામ પહાડોના ઢોળાવ અને તેની ઉપર છુટાછવાયા નાના ઘરો અને એક બાજુ પર વહેતું નાનું ઝરણું. દૂર દૂર દેખાતી ઊંચી ઊંચી પહાડીઓ. આ બધું તેણે પોતાના ચિત્રમાં સામેલ કર્યું હતું. તેમાં તેણે સરસ મઝાના રંગ પણ ભર્યા હતાં. આ ચિત્રને પહેલી નજરે જોતાં જ ફક્ત એક પહાડન છોકરીનું ચિત્ર લાગે. આખું ચિત્ર જોતા એ આખો પ્રદેશ અને એ જગ્યા વિશે આપણે કલ્પના કરી શકીએ. ડ્રોઈંગના વિષય પ્રમાણે આપણે કહી શકીએ કે ચિત્રમાં અગ્રભૂમિ fore ground એટલે કે જોનારની નજર સમક્ષ પ્રથમ દેખાય તેવો ભાગ. (ઉપસી આવે તેવો ભાગ)માં એક સુંદર નાની છોકરી દેખાતી હતી અને પૃષ્ઠ ભૂમિ back ground એટલે કે ધ્યાનથી જોતાં દેખાય તેવો ભાગ)માં એક આખા પહાડી ગામનું દ્રશ્ય હતું.

આ ચિત્ર જોઈ મને પ્રભુના સેવક એવા સ્કોટીશ પ્રોફેસર જેમ્સ સ્ટુઅર્ટની એક વાત યાદ આવી. તેમના કહેવા મુજબ આપણી જીંદગીમાં પણ fore ground અને back ground બંને છે. fore ground એટલે આપણાં જીવનની હાલની પરિસ્થિતિ જેને આપણે જોઈ અથવા અનુભવી રહ્યા છીએ. જે બાબતો અત્યારે આપણે દેખાઈ રહી છે. આપ સર્વ જાણો જ છો તેમ અત્યારે આપણને આ દિવસો ખૂબ મુશ્કેલ લાગી રહ્યા છે. હવે શું થશે એવો પ્રશ્ન દરેકને સતાવે છે. આ ક્યારે પૂરું થશે. લોકડાઉનમાં આપણે મનગમતી પ્રવૃત્તિ તો કરી પણ એક છૂપા ભય સાથે અને આપણી નજર આગળ જીવનનો સૌથી કઠણ હિસ્સો દેખાઈ રહ્યો છે. પરંતુ મિત્રો આપણી જિંદગીના ચિત્રમાં back ground પણ છે. એટલે કે એવી બાબતો જે અત્યારે આપણે સ્પષ્ટ જોઈ અથવા સમજી શકતા નથી અને એ તો છે ઈશ્વર તરફથી આપવામાં આવેલી ખાત્રી. આશા.

માથ્થીની સુવાર્તા ૬:૨૫ થી ૩૪ કલમમાં પ્રભુ ઈસુ આપણને જણાવે છે કે કશાની ચિંતા ના કરો. તમને થશે કે અત્યારે કોણ એવું હોય કે જેને ચિંતા ના થતી હોય. કારણ કે સંજોગો એવા થયા છે કે ચિંતા થાય. ડર લાગે, ભય અનુભવાય. પરંતુ યાદ રાખીએ કે તે આપણા જીવનનો fore ground હિસ્સો છે. પ્રભુ ઈસુ આ વચનો મારફતે આપણી આગળ આપણાં જીવનના back groundમાં શું છે એ જણાવતાં

કહે છે કે આકાશના પક્ષીઓને જુઓ. આપણને તેઓ કેવા કિલકીલાટ કરતાં દેખાય છે. પરંતુ તેની પાછળ back groundમાં કારણ એ છે કે ઈશ્વર તેમની કાળજી લે છે. તેમની જરૂરિયાતો પૂરી પાડે છે. તેમનું રક્ષણ કરે છે. એ જ રીતે ખેતરના ફૂલો આપણને કેવા ઝૂલતાં દેખાય છે. રંગબેરંગી દેખાય છે. તેઓને પણ ઈશ્વર પોતે સજાવે છે. પ્રભુ ઈસુ ઈશ્વરની એક પ્રેમાળ પિતા તરીકે ઓળખ કરાવે છે. કોઈ વ્યક્તિએ ઘરમાં પક્ષીઓ પાળ્યા હોય. તેને તે કેવા પ્રેમથી રાખે છે. તેઓનું પોષણ કરે છે. એ જ રીતે જો તેણે ઘર આગળ બગીચો બનાવ્યો હોય તો તે તેની કેટલી કાળજી રાખે છે. તો એ જ વ્યક્તિ તેના પોતાના બાળકોને કેટલો વિશેષ પ્રેમ કરતો હશે. પોતાના બાળકોનું ભરણપોષણ અને જતન કરવા માટે કેટલી મહેનત કરતો હશે. એમ જ આપણે ઈશ્વરના બાળકો છીએ. જે ઈશ્વર પશુ, પક્ષીઓ અને ફૂલ છોડોને પોષે છે. રક્ષે છે તે આપણને શું નહિ બચાવે ! આપણને પણ એ જ ઈશ્વર સર્વ સંજોગોમાં બચાવશે, સંભાળશે. તમામ જરૂરિયાતો પૂરી કરશે એ કેટલું ખાત્રી પૂર્વકનું છે. આપણે કદાચ આપણાં જીવનના ચિત્રના back groundને સ્પષ્ટ રીતે જોઈ શકતા નથી. કારણ કે આપણે વ્યર્થ પ્રશ્નો કરીએ છીએ. શંકા કરીએ છીએ, અવિશ્વાસ કરીએ છીએ. પાપને કારણે આપણી દ્રષ્ટિ ટૂંકી થઈ ગઈ છે. ત્યારે પ્રભુનું વચન આપણી આંખો ખોલે છે. આપણી આગળ ચિત્રનું back ground રજૂ કરે છે. લાંબી દ્રષ્ટિથી જોવાનું કહે છે. જો આપણે એ તરફ લક્ષ રાખી શકીશું તો જીવનમાં બનતી દરેક ઘટનાઓ પાછળ ઈશ્વરના ઉદ્દેશ્યને સમજી શકીશું. દરેક સંજોગોમાં એમના અખૂટ પ્રેમને અનુભવી શકીશું.

તેથી આપણું લક્ષ ઉપરની બાબતો એટલે કે જે અનંતકાલિક ટકવાની છે તેવી બાબતો પર લગાડીએ. આપણી દ્રષ્ટિને વિશાળ બનાવીએ. આપણી જિંદગીના ચિત્રના ફક્ત fore groundને ના નિહાળતાં જિંદગીના back groundને પણ નિહાળીએ.

ઈશ્વર આપ સર્વને સંભાળી રાખે, સુરક્ષિત રાખે એવી પ્રાર્થના સાથે,

ઈસુ ખ્રિસ્તમાં

**તમારા સોનલ આન્ટી**



## મનન

એલ્વીના એસ. પાંડવ

યહોશુઆ - ૨



પ્રથમ અધ્યાયમાં ઈશ્વરે યહોશુઆને આખી ઈસ્રાએલ પ્રજાને દોરવાની, પ્રદેશની વહેંચણી કરવાની, જુદા જુદા પ્રદેશોનો કબજો મેળવવાનો, લડાઈઓ લડવાની, તમામ આયોજનો અને દરેક બાબતોની જવાબદારી સોંપ્યા બાદ બળવાન તથા હિંમતવાન થવા કહ્યું.

યહોશુઆએ શિટ્ટીમમાંથી બે માણસોને યરીખોની બાતમી કાઢવા મોકલ્યા. આ બંને માણસો યરીખો જાય છે. રાહાબ નામે એક સ્ત્રીને ત્યાં ઉતરે છે. યરીખોના રાજાને ખબર પડી કે દેશની બાતમી બે માણસો આવ્યા છે. તેથી તેઓ રાહાબને ત્યાં જઈને કહે છે કે જે બે માણસો તારે ત્યાં આવ્યા છે. તેઓને તું બહાર કાઢ, ત્યારે રાહાબ કહે છે કે કે તેઓ આવ્યા હતા ખરા પણ ક્યાંના છે એ મને ખબર નથી, સાંજે દરવાજો બંધ કરતી વખતે બહાર નીકળ્યા, ક્યાં ગયા એ ખબર નથી, પણ જલ્દી તેઓની પાછળ જાઓ તો તમે તેઓને પકડી પાડશો. આ માણસો છેક દૂર સુધી તેઓની પાછળ પડ્યા પણ તેઓને મળ્યા નહિ. કારણ કે રાહાબે તેઓને ધાબા પર શણની સરોઠીઓમાં સંતાડ્યા હતા. રાહાબ સૂઈ જતા પહેલાં બંને માણસો પાસે આવી અને કહ્યું કે યહોવાએ આ દેશ તમને આપ્યો છે. તમારી ધાક અમને લાગે છે તમારા દેવે કેવા ચમત્કારો કર્યા. રાજાઓનો નાશ કર્યો. એ બધું અમે સાંભળ્યું છે તમારો દેવ યહોવા તે જ ઉપર આકાશમાં અને પૃથ્વી પર દેવ છે તેથી હું તમને વિનંતી કરું છું કે મેં તમારા પર દયા કરી તેમ મારા બાપના ઘર પર દયારાખજો. બંને માણસોને કોટ પરથી દોરડા વડે નીચે ઉતાર્યા અને એ માણસોએ કહ્યું કે જે બારીમાંથી તે અમને નીચે ઉતાર્યા ત્યાંથી આ કિરમજી રંગની દોરડી બાંધજે અને આ ઘરમાં જે હશે તે દરેકનો બચાવ થશે. આ લોકો યહોશુઆની પાસે પાછા જાય છે અને કહે છે કે નિશ્ચે યહોવાએ આખો દેશ આપણા હાથમાં આપ્યો છે. રાહાબે ઈસ્રાએલ પ્રજા વિશે, યહોવા વિશે, યહોવાએ કરેલા ચમત્કારો વિશે સાંભળ્યું હતું. તેથી તે એ ભયાવહ દેવથી ડરે છે. આકાશ અને પૃથ્વી પર તે એકલો જ દેવ છે એમ તે કબૂલ કરે છે. વિશ્વાસ કરે છે. ઈશ્વરના બે માણસોનો બચાવ કરે છે અને સહીસલામત પાછા બહાર કાઢે છે તેથી તેના પર દયા કરવામાં આવે છે તેનો અને તેના કુટુંબનો બચાવ થાય છે.

ગલાતીઓનો પત્ર ૬:૯-૧૦



'તો સારું કરતાં આપણે થાકવું નહિ કેમ કે જો કાયર ન થઈએ તો યોગ્ય સમયે લણીશું. માટે જેમ પ્રસંગ મળે તેમ આપણે બધાનું અને વિશેષ કરીને વિશ્વાસના કુટુંબના છે તેઓનું સારું કરીએ.'

રાહાબે બે માણસો પર દયા કરી, તેનો અને તેના કુટુંબનો બચાવ થયો. હંમેશા બીજાઓને માટે ભલાઈના કૃત્યો અને ભલાઈની વાતો કરીએ. આપણા જીવતા દેવને જે પસંદ છે તે પ્રમાણે જ આપણે વર્તીએ તો યોગ્ય સમયે ઈશ્વર આપણને બદલો આપશે. વિશેષ આપણા વિશ્વાસીઓનું કુટુંબનું સારું કરતાં ક્યારેય પાછા ન પડીએ.

હાલમાં આખા વિશ્વની, આપણા દેશની, રાજ્યની, શહેરની પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે રોજ રોજ ખાસ અમદાવાદના ખ્રિસ્તી વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત થાય છે. મૃત્યુ પામે છે. ત્યારે આપણા ભાઈ-બહેનોનો બચાવ થાય માટે આગ્રહથી, પસ્તાવા સહિત પ્રાર્થના કરીએ.

પ્રાર્થના - હે અમારા જીવતા દેવ અમારા પાપોની માફી આપો. તમે દયાળુ દેવ છો. તમારા લોક પર અમારા ભાઈ-બહેનો પર દયા કરો. કોરોનાથી બચાવો, કોઈનું પણ મૃત્યુ ન થાય પણ સાજાપણું પ્રાપ્ત થાય એવી કૃપા કરો. પ્રભુ ઈસુના નામમાં આમેન.



## આંખ-શરીરનો દીવો

પારૂલ રોબર્ટ ક્રિશ્ચિયન

આ લોકડાઉનમાં તો બાળકોને ખૂબ મજા પડી ગઈ. આખો દિવસ ફ્રી. સવારે મોડા ઉઠવાનું, ચા નાસ્તો કરી ફ્રેશ થઈ ટી.વી. જોવાનું. બધી ચેનલો પર જોઈ લેવાનું કયો પ્રોગ્રામ આવે છે અને જે ગમે તે જોવાનું. પિક્ટર ને કાર્ટુન. દાદા કે દાદી કહે, 'બેટા સમાચાર કર.' તો જવાબ મળે. 'શું સમાચાર જોવાનાં. એકનું એક બોલે છે.' હા, શનિ કરીને એક છોકરો હતો, તે પણ બરાબર આવું જ કરે. ટી.વી.નો રીમોટ હાથમાં જ હોય. ચેનલો બદલ્યા જ કરે, કોઈ પ્રોગ્રામ કદી આખો જુએ જ નહીં અને ઘરના લોકોને પણ જોવા ના દે. બહુ બોલે એટલે ચેનલ બદલે અને ત્યાં મમ્મીનો પડેલો મોબાઈલ લઈને બેસી જાય અને વિડિયો ગેઈમ રમ્યા કરે. બસ, આ શનિનો આખો દિવસ ટી.વી. અને વિડિયો ગેઈમ રમવામાં પસાર થઈ જાય. મમ્મી-પપ્પા બોલે, 'આ શું આખો દિવસ આંખો બગાડ્યા કરે છે. થોડીવાર સુધી રમવાનું હોય. બીજું કશું વાંચવાનું કર, કશું ડ્રોઈંગ કર.'

પણ શનિ સાંભળે તો ને. એ તો જવાબ આપવામાં હાજર. કહે, હું તો હવે મોટો થયો. મને બધી ખબર પડે છે. મારી આંખોને કશું થવાનું નથી. શનિ પણ હવે મમ્મી-પપ્પાનું સાંભળીને ગુસ્સે થતો. એમ કરતા ઘણા દિવસો થઈ ગયા. શનિ તો એનામાં મશગૂલ.

એક દિવસ શનિ ઉઠ્યો તો એને લાગ્યું મારું માથું દુઃખે છે. મમ્મીને કહે, 'મમ્મી આજે મારું માથુ બહુ દુઃખે છે. કોઈ દવા આપજોને.' મમ્મી કહે, 'આ વિક્સ છે લાવ લગાવી દઉં.' મમ્મીએ કપાળ પર વિક્સ લગાવી આપ્યું. બપોરે પણ શનિ કહે, 'મમ્મી માથું દુઃખે છે, આ ના લગાવશો મને ગોળી (દવા) આપો.' મમ્મીએ દવા આપી. એમ કરતા ત્રીજા દિવસે પાછી આ જ ફરિયાદ. મમ્મી ચિંતા કરે, શનિ ચિંતા કરે. પપ્પા કહે, 'શનિની આંખોની તપાસ કરાવો તો ખબર પડશે.' હવે તો પપ્પા શનિને લઈને દવાખાને ગયા, આંખોની તપાસ કરાવી. ડૉક્ટરસાહેબે ચેક કર્યા. અડધો..પોણો..એક નંબર. શનિને કહે, 'આ વાંચો વંચાય છે.. બરાબર વંચાય તો કહો.' શનિ કહે, 'હા, આમાં બરાબર વંચાય છે.' શનિ દૂર સ્ક્રીન પર જોઈને બોલે અને ડૉક્ટરે કીધું, 'એક નંબરના ચશ્મા પહેરવા પડશે.' હવે... હેં મારે એક નંબરના ચશ્મા પહેરવા પડશે ? ડૉક્ટરસોબ કહે, 'હા, ચશ્મા તો પહેરવા જ પડે જો ના પહેરો તો વધતા જશે.' બેટા તું કયા ધોરણમાં ભણે. શનિ કહે, 'સેવન્થ સ્ટાન્ડર્ડમાં.' ડૉક્ટર શનિના પપ્પાને કહે, બહુ નાની ઉંમરે ચશ્મા આવી ગયા. આટલા નંબર બહુ કહેવાય. શું કરે છે, તું બહુ વાંચે છે ?

શનિભાઈ તો શું બોલે... શનિના પપ્પા કહે, 'સાહેબ ઘરે આખો દિવસ ટી.વી. અને મોબાઈલ પર વિડિયો ગેમ રમ્યા કરવી. કાર્ટુનો અને પીક્ચરો જોવા ખાતા પણ ટી.વી. જુએ. અમે કેટલું કીધું પણ માન્યુ જ નહીં સાહેબ.'

ડૉક્ટરે પણ શનિને સલાહ આપી. બેટા હજુ તો તારે ઘણા વર્ષો જીવવાનું છે. ઘણું કામ આ આંખોથી કરવું પડશે. ત્યારે એ સમયે તને પસ્તાવો થશે કે મારા મમ્મી-પપ્પા મને કહેતા હતા પણ મેં સાંભળ્યું નહીં. જો એમનું કહ્યું માન્યું હોત તો આજે આટલા બધા નંબરો ના આવ્યા હોત. શનિને પણ ડૉક્ટરની વાત સાચી લાગી.

શનિની નજર દવાખાનામાં લખેલા એક પોસ્ટર પર ગઈ.

'દૃષ્ટિ છે, તો સૃષ્ટિ છે...'

શનિ વાંચીને તરત સમજી ગયો. આંખો સારી હશે તો દુનિયા જોઈ શકીશું. શનિને તો સન્ડેસ્કૂલમાં ગવાતું ગીત યાદ આવ્યું. તારી આંખ શું જુએ છે સાવચેત રહે.. તારો તારનાર ઉપરથી પ્રેમની નીચે જુએ છે. તારી આંખ શું જુએ છે સાવચેત રહે.

બાળકો, સાંભળતો કાન અને દેખતી આંખ, બંનેને યહોવાએ બનાવ્યા છે. (નીતિવચનો ૨૦:૧૨) તમારે વડીલોની વાત સાંભળવાની છે. તમારે શું સારું છે, શું ખરાબ છે, તે જોઈને પારખીને ચાલવાનું છે. સમયનો સદ્ઉપયોગ કરીએ.

## લોકડાઉનમાં શ્રદ્ધા

સંજય વાઘેલા



કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના પગલે સમસ્ત વિશ્વને મને-કમને લોકડાઉનમાં રહેવાની ફરજ પડી છે. થોડા સમય પહેલા કોઈએ સ્વપ્નમાં કે કલ્પનામાં પણ ના વિચાર્યું હોય તેવી આકસ્મિક લોકડાઉનની ઘટના અચાનક બારણે આવીને ઉભી રહી.

શાળા, મહાશાળા, બજાર, કામ-ધંધા, રોજગાર, ઓફિસ, ટોકીઝ, હોટેલ, સામાજિક પ્રસંગોની અવર-જવર સંપૂર્ણપણે બંધ કરવી પડી. માનવજીવનને આંચકો ત્યારે લાગ્યો જ્યારે ચર્ચ, મંદિર અને મસ્જિદમાં જવાનું પણ બંધ થયું. આવા વિકટ સમયે તો પ્રભુને ધા નાખવાની હોય ! પણ આ શું ? લોકોની આસ્થાના સ્થાનિકો પણ બંધ ? આ વાત ગળે ઉતારવી કઠીન લાગી.

લોકડાઉનમાં મારી શ્રદ્ધા ક્યાં ? આ પ્રશ્નએ મને ઢંઢોળ્યો. બાઇબલનું મનન ચિંતન કરતાં જણાયું કે, 'જે ઈશ્વરે આ વિશ્વ અને એમાની બધી વસ્તુઓ સર્જી છે, તે સકલ સૃષ્ટિનો પ્રભુ હોઈને માણસે બનાવેલા મંદિરમાં વાસ કરતો નથી અને પોતે જ સૌને જીવન, પ્રાણ અને સર્વ કાંઈ આપતો હોઈને એને પોતાને કશાની જરૂર નથી. માણસની સેવાની પણ નહીં.' (પ્રે.ચ. ૧૭:૨૪-૨૫) પ્રભુ પોતે તેના મંદિરમાં વાસ ન કરવાનું અને માનવોની સેવા પણ નહીં લેવાનું ફરમાવે છે. વધુમાં તે જણાવે છે કે, 'હું સેવા લેવા નહીં પરંતુ સેવા કરવા માટે જગતમાં અવતર્યો છું. આ મારા અદનામાં અદના માટે કર્યું છે તે મારા માટે જ કર્યું છે.' (માથ્થી ૨૫:૪૦)

ઈશ્વરનું અસ્તિત્વ તો અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. હાલની સાંપ્રત પરિસ્થિતિમાં ઈશ્વરના આ અસ્તિત્વનું દર્શન મેં અને તમે દરેકે નિહાળ્યું. છેલ્લા સાઈઠ દિવસો દરમ્યાન સઘળા પ્રાર્થના સ્થળો બંધ હોવા છતાં માનવીએ પોતાના ઘરમાં, હૃદયમાં પ્રભુને નિહાળવાનો અનોખો લ્હાવો માણ્યો.

'પણ તું જ્યારે પ્રાર્થના કરે ત્યારે ઓરડામાં જઈને બારણા વાસજે અને એકાંતમાં પણ વસનાર તારાં પિતાની પ્રાર્થના કરજે.' (માથ્થી ૬:૬) લોકડાઉનમાં ભલે આસ્થાના સ્થાનકો બંધ રહ્યાં, પણ સરવાળે લોકોની શ્રદ્ધામાં વધારો જોવા મળ્યો. ઓનલાઈન પ્રાર્થનાઓ પણ યોજાઈ. જે નિર્વિવાદ બાબત છે. ઈશ્વરે માનવીને પોતાની પ્રતિમૂર્તિરૂપ સર્જ્યો છે. એટલે પ્રત્યેક માનવીમાં આપણને ઈશ્વરના દર્શન થવાં જોઈએ. આ દર્શનનો લોકડાઉન દરમ્યાન દરેકે અનુભવ પ્રાપ્ત કર્યો. પ્રીત સંસ્કાર ગ્રહણ ન કરી શકવાનો રંજ છે, પરંતુ કુટુંબીજનોની પ્રીત અને હુંફ મળતાં સંસ્કારોનું સિંચન વધુ મજબુત બન્યું.

લોકડાઉન ખુલશે એટલે ફરીથી આપણે સૌ પ્રભુ મંદિરોમાં એકઠાં મળીશું. કદાચ અંતર જાળવીને મળવું પડશે, પરંતુ લોકડાઉનના આ સમય દરમ્યાન પ્રભુ સાથે સંધાયેલું આ એકાત્મ્ય સદૈવ મન સમક્ષ રાખી ધન્યતા અનુભવીએ.

## પ્રાર્થનાનું વજન

જયપ્રકાશ ડી. રૉય

હું પ્રાર્થના...ઈશ્વરની સૌથી મનપસંદ. ઈશ્વર અને માનવ વચ્ચે સેતુ. હજારો વર્ષોથી હું આપ સૌની લાગણી, જરૂરિયાત, તકલીફ, આજીજી, પ્રેમ અને મુશ્કેલી ઈશ્વર સુધી પહોંચાડવાનું પ્રયત્ન કરતી રહી છું. સૌએ વ્યક્ત કરેલી ભાવનાઓ ભલે તે શબ્દસ્વરૂપે હોય, મૌનના રૂપમાં હોય, ધ્યાનના માધ્યમથી હોય કે પછી ભજનમંડળી દ્વારા વ્યક્ત થયેલી હોય મેં હંમેશા યથાયોગ્ય પ્રભુબાપ સુધી પહોંચાડી છે. માનવ જીવનની શરૂઆતની સાથે મારું અસ્તિત્વ સ્વીકારાયેલું છે. જેમ જેમ માનવજીવનનો વિકાસ થતો ગયો તેમ તેમ મારી ઉપયોગિતા સમયાંતરે બદલાતી રહી પણ મારું સ્વરૂપ તો એનું એ જ રહ્યું. વિશ્વની દરેક સંસ્કૃતિમાં તથા દરેક ધર્મમાં મારું મહત્ત્વ સ્વીકારાયેલું છે.

પ્રાર્થના વિષે બાઈબલમાં આ વચનો લખેલાં છે :-

- મારી પ્રાર્થના તારી સંમુખ ધૂપ જેવી થાઓ અને મારા હાથોનું ઊંચું થવું તે સંધ્યાકાળના યજ્ઞ જેવું થાઓ. ગી.શા. ૧૪૧:૨

- હે યહોવા મારી પ્રાર્થના સાંભળીને મારા કાલાવાલા પર કાન ધર. તારી સત્યતાથી અને તારા ન્યાયપણાથી મને ઉત્તર આપ. ગી.શા. ૧૩૩:૧

- હે પ્રાર્થનાના સાંભળનાર તારી પાસે સર્વ લોક આવશે. ગી.શા. ૬૫:૨

- નિત્ય પ્રાર્થના કરો. થેસ્સાલોનિકી પત્ર (૧) ૫:૧૭

સાચા દિલથી કરેલી પ્રાર્થના ખુદ ઈશ્વરને પણ હચમચાવી દે છે. પ્રભુબાપ પ્રાર્થના ચોક્કસ સાંભળે છે અને આપણા જીવનોને ખૂબ જ સારી પ્રેરણાથી ભરી દે છે.

એક ગરીબ પરિસ્થિતિની લાગતી એક બહેન કરિયાણાની દુકાનમાં દાખલ થઈ. તેના ચહેરા પર ચિંતા અને લાચારી સ્પષ્ટ દેખાતી હતી. દુકાનદારને તેણે વિનંતી કરી. પોતાની પાસે તાંબાની તપેલીના બદલામાં અનાજ કે ચોખા જે કાંઈ આવે તે આપે. એના બાળકો બે-બે દિવસથી ભૂખ્યા છે. ઘરમાં વેચવા માટે આ તપેલી સિવાય કંઈ પણ બચ્યું નથી. જો તેના બદલામાં કઈ વસ્તુ મળી જાય તો ભૂખ્યા બાળકોના પેટમાં કંઈક પડે એવી તેને આશા હતી.

પરંતુ તેની વિનંતીની પેલા વેપારી પર કાંઈ જ અસર ન પડી, પોતે જૂના વાસણના બદલામાં કરિયાણાનો ધંધો નથી કરતો એવો એનો જવાબ હતો. વારંવાર આજીજીથી વેપારી ગુસ્સે થયો ને દરવાજા તરફ આંગળી ચીંધીને જતા રહેવાનું કહ્યું. રડતી-રડતી સ્ત્રી બહાર જતી જ હતી કે ત્યાં ઉભેલા એક ગ્રાહકને એના પર દયા આવી, અને વેપારીને કહ્યું કહ્યું કે એ તપેલીના ભારોભાર જે કાંઈ પણ આવે તે પેલી સ્ત્રીને આપો અને જો વસ્તુઓની કિંમત તપેલીના આશરે કિંમત કરતા વધારે થશે તો ઉપરના રૂપિયા એ પોતે ચૂકવશે.

દુકાનદાર હવે ફસાયો. જો ના પાડે તો એ ખોટો પડે એટલે વાડકુ ભરીને એને એ સ્ત્રીના ત્રાજવાના એક પાલ્લામાં તપેલી અને ખરીદીનું લીસ્ટ મૂકવા કહ્યું. પેલી સ્ત્રીની જરૂરિયાતો એટલી બધી હતી કે શેનું લીસ્ટ બનાવે ? એ બોલી ઉઠી કે ભાઈ એક કામ કરોને, તપેલીની ભારોભાર જે કાંઈ પણ આવે જેવું કે ચોખા, ઘઉંનો લોટ, ખાંડ અને દાળ જે થોડું થોડું આપી દો. દુકાનદારે ગુસ્સાના ભાવે થોડાક ચોખા, થોડીક ખાંડ, થોડો લોટ અને દાળ બીજા પલ્લામાં મૂક્યા. એને હતું કે બધું થોડું થોડું નાખીશ એટલે પલ્લુ નમી જશે. પણ પલ્લુ નમ્યુ નહીં એણે બધી જ વસ્તુઓ ડબલ માત્રામાં નાખી છતાં પલ્લુ એમ ને એમ જ રહ્યું. હવે તેને નવાઈ લાગી. તાંબાની એક તપેલીનો આટલો ભાર કઈ રીતે હોઈ શકે ? સ્તબ્ધતા સાથે એ બધી વસ્તુઓ ઉમેરતા જ ગયો. ત્રાજવું હવે વધારે વસ્તુઓ સમાવી શકે નહીં તેટલી હદે ભરાઈ ગયું પણ નમ્યુ તો નહીંજ. દુકાનદાર આભો બની ગયો એને સમજાતું નહોતું કે આ શું બની રહ્યું છે. બધી વસ્તુઓ એક મોટા થેલામાં ભરીને દુકાનદારે પેલી

અનુસંધાન પેજ. ૧૧ પર

## મશ્કરી

પ્રિતી સ્વપ્નીલ ક્રિસ્ટી

આજના યુગમાં ટેકનોલોજી બદલાઈ રહી છે. દુનિયામાં લગભગ દરેક કામ સરળ બની રહ્યા છે. જેમ કે બેન્કિંગ સીસ્ટમ. પહેલાના વખતમાં જો કોઈના ખાતામાં રૂપિયા જમા કરાવવા હોય તો બેંકનો ચોક્કસ સમય હોય તે સમયમાં જ થાય. જેમ કે સવારના ૧૦ થી સાંજના ૫ની વચ્ચે. જ્યારે આજે એવા મશીનો બનાવવામાં આવ્યા છે તેનાથી આપણે અડધી રાત્રે પણ આપણા ખાતામાં રૂપિયા જમા કરાવી શકીએ છીએ.

એક સાંજે લગભગ ૯ વાગ્યાની આસપાસ હું અને મારો એક મિત્ર તેના ખાતામાં ૧૨૦૦૦ રૂપિયા જમા કરાવવા એક બેંકના એટીએમમાં ગયા. ત્યાં ચાર અલગ અલગ મશીન હતા. એમાના બે મશીન રૂપિયા જમા કરાવવા માટેના હતા. મારો મિત્ર તેના રૂપિયા જમા કરાવવાની પ્રોસેસ કરી રહ્યો હતો. હું સાઈડમાં ઉભો હતો. ત્યારે મેં બાજુના મશીનમાં જોયું તો એક ભાઈ ૨૦૦ રૂપિયા જમા કરાવતા હતા. મેં મનમાં તેમની મજાક ઉડાઈ. આ માણસ તો જો ૨૦૦ રૂપિયા જમા કરાવી રહ્યો છે. મે મારા મિત્રને કહ્યું કેવો ગાંડો માણસ છે. ૨૦૦ રૂપિય તો જમા કરાવાય કંઈ. અમે બંને તે માણસને હસ્યા.

પછી અમે બંને અમારા રૂપિયા જમા કરાવીને બહાર નીકળ્યા ત્યારે મેં જોયું તો તે માણસ Online food Supply કરતી કંપનીમાં કામ કરતો હતો. મેં તેના જેકેટ પર તે કંપનીનું નામ વાંચ્યું. તેની બેગ પર પણ કંપનીનું નામ લખ્યું. પછી મને મારી કરેલી મશ્કરી માટે દુઃખ થયું. મને અહેસાર થયો કે મેં તેની ખોટી મજાક ઉડાવી. તે માણસ તો તેના Online food Supply કંપનીના રૂપિયા જમા કરાવવા આવ્યો હતો અને આ કામમાં તે લોકોને રોજના રોજ રૂપિયાનો હિસાબ જમા કરાવવો પડે.

મેં મનમાં ઈશ્વરને પ્રાર્થના કરી. મારી કરેલી મશ્કરી માટે માફી માંગી અને બીજીવાર કોઈના માટે આવું નહીં વિચારું તેવી પ્રોમિશ પણ કરી. મિત્રો આપણી સાથે પણ ઘણી વખત આવું થાય છે કે આપણે કંઈ જ વિચાર્યા વગર ગમે ત્યારે કોઈની પણ મજાક કરીએ છીએ. કોઈનો પણ ન્યાય કરીએ છીએ. આ બાબત ઈશ્વરની નજરમાં ખોટી છે.

---

**પેજ. ૧૦ થી ચાલુ**

**સ્ત્રીને આપ્યો. પેલા અન્ય ગ્રાહકનો તથા દુકાનદારનો આભાર માની ભીની આંખો સાથે પેલી સ્ત્રીએ વિદાય લીધી. કહ્યા પ્રમાણે બધી વસ્તુઓના ૫૦૦ રૂપિયા પેલા ગ્રાહકે ચૂકવી દીધા. બેમાંથી એક્યને સમજાતું નહોતું કે તપેલીનું વજન આટલું બધું શી રીતી વધી ગયું ? દુકાનદારે પેલી સ્ત્રીએ લખેલું લીસ્ટ તપેલીમાંથી ઉઠાવીને ખોલ્યું. એમાં પેલી સ્ત્રીએ લખ્યું હતું કે 'હે ભગવાન હું શું લીસ્ટ બનાવું અને શેનું લીસ્ટ બનાવું ? તું મારી જરૂરિયાતો જાણે છે. તું મને એટલું જોખાવી આપજે..!' દુકાનદાર અને પેલો ગ્રાહક એકબીજાની સામે જોઈ રહ્યા. દુકાનદારે તપેલી ઉઠાવીને જોયું તો પલ્લુનો એ તરફનો હિસ્સો તૂટી ગયો હતો. એ કાંઈ ના બોલી શક્યો. અંતરના ઊંડાણમાંથી ઉઠેલી પ્રાર્થનાનું વજન કેટલું હોય એ આજે એને બરબર સમજાઈ ગયું હતું.**

**વ્હાલા બાળકો, હાલની 'કોરોના વાઈરસ'ની વિકટ પરિસ્થિતિમાં આપણઆ સૌ પાસે 'પ્રાર્થના' એ જ ઉત્તમ વેક્સીન કહી શકાય. જે માનવજાત માટે બચવાનું કારણ બની શકે. તો સૌ સાથે મળી 'પ્રાર્થના'ના કાર્યમાં જોડાયેલા રહીએ અને કોરોના વાયરસની મહામારીને જગતભરમાંથી દૂર કરવા પ્રભુબાપની સહાય માગીએ.**

## એકતાનું બંધન

નોરીન હેબલ

એક શિકારી હતો. તેણે પક્ષીઓને પકડવા માટે જાળ બિછાવી અને પક્ષીઓને લલચાવવા માટે જાળ ઉપર ખૂબ જ બધાં દાણાં નાખ્યાં. હવે આ દાણાની લાલચમાં પક્ષીઓને તો જાળ દેખાઈ જ નહિ. તેમનું ધ્યાન તો આ દાણાં જ હતું. પક્ષીઓનં ટોળું દાણા ખાવા સારું જાળ ઉપર બેઠું અને ધીરે ધીર એક પછી એક બધાં જ પક્ષીઓનાં પગ જાળમાં ફસાઈ ગયા. જેમ જોર કરે તેમ તેઓનાં પગનાં પંજા વધારે ફસાવા લાગ્યા. હવે શું કરવું ? તેઓ બધાં જ શોકબકોર કરવા માંડ્યા. એકબીજા પર દોષ મૂકીને ઝઘડવા લાગ્યાં. આનંદનું વાતાવરણ દુઃખમાં બદલાઈ ગયું. એક પક્ષીએ બધાંને શાંત પાડ્યા અને કહ્યું કે, જો આપણે આ રીતે એકબીજા પર દોષ મૂકવામાં અને ઝઘડવામાં સમય બગાડીશું તો  શિકારી આવી પહોંચશે અને આપણે બધાં જ નાશ પામીશું. શાંત મનથી વિચારો કે આપણા પગનાં પંજા ફસાયા છે પણ આપણી પાંખો તો સલામત છે. આપણે સૌ સંપ કરીને એક સાથે પૂરાં બળથી આ જાળને લઈને જ ઊડીએ. આ પ્રમાણે એકસાથે ઊડીને દૂર પેલી ટેકરી છે, ત્યાં પહોંચી જઈએ. ત્યાં ઉંદરોનાં દર છે. આપણે તેમને કહીશું કે તેઓ આ જાળ કાપી નાખે. અને આ રીતે આપણે મુક્ત થઈ જઈશું. બધાં જ પક્ષીઓએ આ વાત માની અને જાળને લઈને ઊડી ગયા. તેમનાં મિત્રો ઉંદરોએ જાળ કાપી નાખી અને બધાં જ પક્ષીઓ મુક્ત થઈ ગયા. આનંદથી કલરવ કરવા લાગ્યાં અને આ રીતે શિકારીની જાળમાંથી તેઓ બચી ગયા.

આ એક કાલ્પનિક વાર્તા છે. પરંતુ આ વાર્તા એકતા (હૈંઅ)માં રહેલી તાકાત વિષે જણાવે છે. એકતાનું બંધન ખૂબ જ મજબૂત હોય છે. એકતા (હૈંઅ) એટલે તાકાત અને વિભાજન (દ્વૈદૃર્જહ) એટલે નબળાઈ. શેતાન આપણાં જીવનોને નાશને માર્ગે લઈ જવા આપણી નબળાઈઓનો ઉપયોગ કરે છે. શેતાન પણ શિકારીની જેમ જાળ બિછાવે છે, અને જાળમાં લોભ, લાલચ અને અનેક પ્રકારના પ્રલોભનોરૂપી દાણાં નાખે છે. પક્ષીઓની જેમ આપણે પણ જાળ ઉપર ધ્યાન આપતાં નથી અને શેતાનની ચાલમાં ફસાઈ જઈએ છે. પરિણામે ઈર્ષા, અદેખાઈ, ક્રોધ, નિંદા, વેરભાવ, કુસંપ જેવી ઘણી બધી બાબતો જે ઈશ્વરની નજરમાં યોગ્ય નથી. તે બાબતો આપણાં જીવનમાં સ્થાન લે છે. પ્રભુનાં વચનો તો આપણને ચેતવણી આપે છે કે જો પરસ્પર પ્રેમ અને એકતામાં નહિ રહીએ તો આપણા વિનાશનું કારણ આપણે પોતે જ બનીશું. ગલાતીઓને પત્ર ૫:૧૫ જણાવે છે કે ‘સાવધ રહો રખેને તમે એકબીજાંથી નાશ પામો.’

આપણે હંમેશા યાદ રાખીએ કે આપણે બધાં જ ખ્રિસ્તમાં એક શરીર છીએ અને અરસપરસ એકબીજાનાં અવયવો છીએ. (રોમનોને પત્ર ૧૨:૫) પ્રભુ ઈસુનાં બાળકો તરીકે જીવનની મહત્ત્વની બાબત પરસ્પર પ્રેમ અને એકતા છે. શેતાન આ પ્રેમ અને એકતાનાં બંધનને તોડવા સતત પ્રયત્નો કર્યા કરે છે. આ શેતાનને હરાવવાનું એકમાત્ર હથિયાર છે - ‘ખ્રિસ્તમાં ઐક્ય.’

United in Christ

અને તેથી જ પ્રભુ ઈસુ ઇચ્છે છે કે આપણે બધાં જ એક થઈએ. (યોહાનની સુવાર્તા ૧૭:૨૧) એકબીજાંને મદદ કરીએ. નમ્રભાવથી એકબીજાના હિત પર લક્ષ રાખીએ. પ્રભુ ઈસુની નજરમાં આપણે સૌ એકસમાન છીએ. તેઓ સૌને એકસરખો પ્રેમ કરે છે. તેથી આપણે પણ મતભેદ ના રાખીએ અને બધાની સાથે હળીમળીને એકતાનાં બંધનમાં રહીએ.

ભજન સંગ્રહ ગીત નંબર ૫૧૧

ઈસુ ચાહે છે જગતનાં છોકરાંને કાળાં, ધોળાં, પીળાં સહું તેના મનમાં કિંમતી બહું.)

(અનુવાદક - ડી. પી. મકવાણા)

# સૂતેલો સિંહ

નીલંજના સુધીર કોલીન્સ

એકવાર જંગલમાં એક બહુ નાનકડું સિંહબાળ એકલું એકલું રમતું હતું. તેની મા સૂતી હતી. રમતાં રમતાં તે જંગલમાં દૂર ચાલ્યું ગયું. એવી જગ્યાએ તે આવી પહોંચ્યું જે તેણે ક્યારે પણ જોઈ નહોતી. પોતાની ચારેય બાજુ ફેલાયેલ પ્રાકૃતિક સૌંદર્યને જોવામાં તે એટલું બધું મુગ્ધ અને મગ્ન બની ગયું કે તેને પોતાની માતા પાસે પાછા ફરવાનો માર્ગ યાદ રહ્યો નહિ.

ગાઢ જંગલમાં એ એકલા અટૂલાં ભટક્યા કરતાં કરતાં 'મા ! મા !' ના પોકાર કરી રહ્યું હતું. એવા સમયે એક ઘેટી ત્યાંથી પસાર થઈ જેના બચ્ચાં થોડા દિવસો પહેલાં જ મરી ગયા હતા. તેણે આ નાનકડાં સિંહબાળના આર્તનાદ સાંભળ્યા ત્યારે તેનું હૈયું મમતાથી છલકાઈ ગયું અને તે પોતાની સાથે લઈ ગઈ. તે પેલા સિંહબાળને પોતાના બચ્ચાંની જેમ ઉછેરતી રહી. એમ ઘણાં દિવસો વીતી ગયા. હવે તો સિંહ બાળ મોટું થવા લાગ્યું હતું ને એટલું મોટું થઈ ગયું કે ઘેટી પણ તેને જોઈને બ્હી જતી હતી. એ જંગલમાં એક વાર એક સિંહ આવી ગયો. સામેના ઊંચા ટેકરાં પર ઊભા રહી તેણે ત્રાડ પાડી. તેની ભયાનક ગર્જના સાંભળીને એ ઘેટી તો થર થર કાંપવા લાગી અને ભયથી તેનું શરીર સુન્ન થઈ ગયું, ઝડપથી દૂર ન્હાસી જઈને ઝાડીમાં ભરાઈ ગઈ. પરંતુ જેવો પેલા સિંહબાળના કાનમાં સિંહની ગર્જનાનો ધ્વનિ અથડાયો એ તેના હૃદયમાં વિચિત્ર ભાવો ઉદ્‌ભવવા ને ઉભરાવા લાગ્યા.

ઘેટીના પાલ્ય સિંહબાળના હૃદયમાં ભાવનાઓનો એવો વેગ ઉમટી પડ્યો કે તે પણ પોતાના સંપૂર્ણ બળ સાથે ગર્જના કરવા લાગ્યો. પછી શોકપૂર્ણ મુદ્રાથી પોતાની ઘેટી માતાને અંતિમ વાર નિહાળતાં છલાંગ લગાવીને સિંહની પાસે પહોંચી ગયો. સિંહની ગર્જનાએ તેના પ્રાકૃતિક સ્વભાવને જાગ્રત કરી દીધો હતો, જે આજ સુધી સુષુપ્તાવસ્થામાં હતો. પહેલાં તો કૂતરાંના ભસવાના અવાજથી પણ આ સિંહ બાળ બ્હી જતું હતું. ઘેટાંઓ મધ્યે રહીને તે પોતાને ઘેટું જ સમજવા લાગ્યું હતું. પહેલાં તેના મનમાં એ વાત ક્યારે પણ આવી નહોતી કે ઘેટાંથી અલગ જૂદું તેનું કોઈ અસ્તિત્વ છે. અત્યાર સુધી તે પોતાને ઘેટું જ સમજતું રહ્યું હતું - તેનું બળ પણ ઘેટાં જેટલું જ હતું, કારણ કે તેની અંદરનો સિંહ તો સૂતેલો હતો. પરંતુ આજે તે સત્ય જાણી ગયું હતું કે તે પોતાની ત્રાડથી કૂતરાને તો શું, જંગલના તમામ પશુ-પંખીઓને થથરાવી-ધ્રુજાવી શકે છે.

તેની અંદર જે સિંહ સૂતેલો હતો, તે હવે જાગૃત થઈ ગયો છે. હવે તો તે સિંહને જ પોતાની બરાબરીનો સમજે છે, બીજા કોઈને નહિ. સિંહની ત્રાડ સાંભળ્યા પહેલાં તો તેને એજ વાતની જાણ હતી કે પોતે એક બાપડું બિચારું ઘેટું માત્ર છે અને તે સ્વયં પણ એમ જ કહેતો કે - 'હું તો ઘેટું છું ભલા હું કેવી રીતે સિંહની બરાબરી કરી શકું ?' પરંતુ હવે તેની અંદરનો સિંહ બહાર આવી ગયો છે, હવે સિંહ સિવાય બીજા કોને પોતાની સમકક્ષ કે સમોવડિયા સમજી શકે ? હવે તો તેની શક્તિઓ પણ અનેક ગણી વધી ગઈ છે, શું વનરાજને હવે એક ઘેટાંનું જીવન સારું કેવી રીતે લાગી શકે ? હવે તો જંગલનું સ્વતંત્ર વાતાવરણ જ તેને સારું લાગી શકે છે. એ કારણે તો તે છલાંગ મારીને જંગલમાં વિલીન થઈ ગયો - તે વનરાજ જો હતો.

વ્હાલાં બાળ મિત્રો, તમે જોયું કે એ નાનકડાં સિંહ બાળે જ્યાં સુધી પોતાની જાતને ઘેટું સમજવાનું

ચાલુ રાખ્યું ત્યાં સુધી તેનામાં સૂતેલો અને છુપાયેલ એ સિંહ સૂતેલો જ રહ્યો, પરંતુ એ સિંહ હવે જાગૃત થઈ ગયો અને હવે અંદરનો સિંહ બહાર આવી ગયો ત્યારે તે સમજી શક્યો કે તે એક ઘેટું નથી, બલ્કે સિંહ છે - વનરાજ છે. આ સિંહ બાળની જેમ તમારી અંદર પણ એક પ્રતિભાવન મહાન વ્યક્તિત્વ છુપાયેલું છે જેને હજુ સુધી તમે ઓળખી કે પારખી શક્યા નથી. તમારી અંદર રહેલી સુષુપ્ત છૂપાયેલી શક્તિઓને ઓળખી લો, પારખી લો અને તેનો યથાયોગ્ય ઉપયોગ કરો. હંમેશા યાદ રાખો કે તમે મહાન ઈશ્વરના હાથની બનાવેલી કૃતિ છો, તેમના મહાન સામર્થ્યનું અંશ છો, તેમણે તમને આપેલી શક્તિઓનો ઉપયોગ કરી તમે તમારા જીવનને ઈશ્વરની ઇચ્છા અનુસાર જીવીને યૂસુફની જેમ, મૂસાની જેમ, દાઉદની જેમ તથા પ્રભુ ઈસુ ખ્રિસ્તની જેમ ઈશ્વરના મન ગમતાં બાળકો તથા ભવિષ્યના મહાન વૈજ્ઞાનિક, ડૉક્ટર, ઇજનેર કે ઈશ્વરના મહાન સેવકો બની શકો છો.

---

# Who vistied Jesus

Fill in the blanks using the chart below. What do you see?




| A | B | C | D | E | F | G | H | I | J | K | L | M |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| N | O | P | Q | R | S | T | U | V | W | X | Y | Z |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |

## નર્સની કલમે....

### Corona-2020-Second Chance

મારીશા ક્રિશ્ચિયન, ઓસ્ટ્રેલિયા

જીવ ઈચ્છે છે કે બસ બે ઘડી વીતેલી પળોનો અહેસાસ મળી જાય; મનના વિચારો ચાહે છે કે આવનારી ઘડીએ કોઈક ચમત્કાર થઈ જાય, છતાંય, આ સઘળી જંજાળમાં હૃદય ઝંખે છે કે 'જે ઘડીમાં તે ધબકે છે તે પળમાં જ પૂર્ણપણે જીવાઈ જાય.' ખરેખ 'બે ઘડી'નું જીવન આપણે વાસ્તવમાં જ જીવી શકીએ છીએ તે 'કોરોના વાયરસે' શીખવી દીધું. આપણે બધા જ વૈશ્વિક મહામારીમાં એવા સપડાયા છીએ કે કદાચ આપણી જિંદગીને જીવવાનું જ વિસરી ગયા છીએ. કોરોના વાયરસ આપણા સૌની જિંદગીમાં એવી રીતે પ્રવેશી ગયું છે કે તેના આગમનથી આપણી જિંદગી હતી - ન હતી થઈ ગઈ છે. કોરોના વાયરસની ગંભીરતાને ધ્યાનમાં રાખવાથી આપણા જીવનમાં 'લોકડાઉન'નો એવો સમય આવ્યો છે જે કદાચ આપણે પહેલા ક્યારેય વિચાર્યો કે અનુભવ્યો નહોતો. ઘણી બધી રીતે આ સમય પૃથ્વી પર રહેનારા દરેક વ્યક્તિ માટે કપરો થઈ પડ્યો છે, તેટલે સુધી કે લોકો દરેક પ્રકારની તંગી, ભૂખ, વેદના, દુઃખ, હિંસા અને મરણ આ સઘળું અનુભવી રહ્યા છે. તમે મારી સાથે સહમત થશો કે આપણ સૌ કોઈની વિચારસરણી એવી જ થઈ ગઈ છે કે 'આ ઘડી પછી મારું, મારા વહાલાઓનું, મારા કુટુંબીજનોનું શું થશે તેની મને કોઈ આશા કે ખાતરી રહી જ નથી.' આપણે બધા જ આ મહામારીથી ગભરાઈને તેના 'બંદી' બનીને ડરમાં ફક્ત શ્વાસ લેનાર શરીર બનીને રહી ગયા છીએ. કદાચ આ વાંચીને તમને પણ નિરાશા અનુભવાતી હશે. તેથી જ હું તમને મારા પરિપ્રેક્ષ્ય પ્રમાણે 'કોરોના વાયરસના પરિણામો' આપણા માટે શું છે તે કહેવા ઈચ્છું છું.

સૌ પ્રથમ કોરોના વાયરસના લોકડાઉનમાં વિતાવેલો સમય આપણ સર્વ માટે એક 'સેકન્ડ ચાન્સ' છે. હા, ઈશ્વર તરફથી દરેક વ્યક્તિને તેના જીવન માટે સેકન્ડ ચાન્સ ! આપણે સૌ આપણા જીવનમાં કોઈ એક ક્ષણે ચોક્કસ ઈચ્છા દર્શાવી હશે કે જો આપણને એક બીજી તક મળે તો આપણે આપણું જીવન વધારે સારી રીતે મઠારીએ; આપણા લીધેલા નિર્ણયોને, કરેલી ભૂલોને, કરેલા પાપોને, વગેરે, વગેરેને, સુધારીને આપણી જિંદગી સારી બનાવીએ. સાચ્ચેજ, આ ઈચ્છાને સાંભળીને ઈશ્વરે આપણ સર્વને જિંદગી માટે એક 'સેકન્ડ ચાન્સ' આપ્યો છે. માટે, મહત્ત્વનું એ છે કે આપણે આ 'લોકડાઉનના સમયને' કંટાળો, આળસ કે બેદરકારીમાં ન ગુજારીએ. તમને થતું હશે કે કઈ રીતે આ મહામારીના સંજોગ આપણ સર્વ માટે એક 'સેકન્ડ ચાન્સ' હોઈ શકે ? મારા વિચારો પ્રમાણે કહું તો એવો સમય આપણ કોઈએ ક્યારેય જોયો નથી જ્યાં દુનિયાનું દરેક વ્યક્તિ તેના ઘરમાં 'બંધ' છે. પોતાના પરિવાર સાથે રહી શકે છે. આપણે બધા જ આ એક ફરિયાદના ભાગીદાર છીએ કે : 'મારી પાસે સમય નથી' 'હું ખૂબ વ્યસ્ત રહું છું' અને આ વાત સાચી પણ છે. માણસ તેની જિંદગીમાં એટલો વ્યસ્ત રહેતો હતો, જાણે કોઈ સ્પર્ધામાં ભાગ લીધો હોય તેમ સતત દોડ્યા કરતો. એટલે સુધી કે તે પોતાના કુટુંબ, મિત્રો, સગા, અરે સ્વયં સંબંધી પણ તેને વિચારવાની કે સમય આપવાની ફુરસત રહી નહોતી. માટે સ્વાભાવિક છે કે આવી જીવનસરણીમાં માણસ ઈશ્વરને પણ ભૂલી જય તેમાં કોઈ નવાઈ નથી. કારણ કે માણસની પહેલાની જિંદગીમાં સતત કોલાહલની વચમાં જીવતો જ્યાં સઘળું અસ્તવ્યસ્ત હતું.

માટે જ, ઈશ્વરે સમસ્ત માનવજાતને કોરોના મહામારી નામના 'તોફાનમાં' સમેટી. માણશને હેરાન કરવા નહિ પણ તેને 'આ બહાર ચાલતા તોફાનની મધ્યમાં લાવીને ભીતરથી શાંત કરવા.' એવો

શાંત કરવા કે માણસ 'એક મન્ન અને એક ચિત્તનો થઈને સ્વયંની સાથે એકાંતમાં બેસી શકે.' આ સ્વર્ણિમ એકાંતમાં બેસીને પૂર્ણપણે શાંત થઈ શકે અને શાંત થયા બાદ, સ્વયં વિષે સભાન બની શકે. સભાન બનીને પોતાની જિંદગી વિષે; જિંદગી સાથે સંકળાયેલી દરેક બાબત વિષે 'વિચાર' કરી શકે કે મારી જિંદગી પ્રત્યે મારે શું કરવું છે ને કઈ રીતે હવે મારે મારી જિંદગી જીવવી છે ? આપણામાંનાં ઘણાં લોકો પોતાના શોખ, તાલંત અને જીવન જીવવાની ઈચ્છાને ભૂલી ગયા છીએ તેને જગાડીએ. સ્વયં સાથેના સંબંધમાં જોડાઈએ, જિંદગીને ફક્ત 'એક દોડની સ્પર્ધા' નહિ પણ એક અમૂલ્ય ભેટ માનીને જીવીએ. આપણી જીવન પ્રત્યેની અગ્રિમતાને તપાસીએ - મનનાં અસંખ્ય 'ભરેલા ખાના' સાફ કરીએ, મનને મોકળાશ આપીએ અને હકારાત્મકતાને સ્થાન આપીએ. સ્પર્ધામાંથી બહાર નીકળીને પ્રકૃતિ તરફ પગલાં માંડીએ - કુદરતના અહેસાસમાં પોતાને પરોવીએ; અત્યાર સુધી ઘણું બધું વેરવિખેર કર્યું, હવે જે બાકી રહ્યું છે તેને સાચવીએ અને બીજું કઈ ના કરી શકીએ તો કંઈ નહિ, બસ 'એક સારો નમૂનો' બનીએ - આપણા કુટુંબ માટે, સમાજ માટે અને સમસ્ત પૃથ્વી માટે. તે માટે શરૂઆત સ્વયંથી કરીએ !

હવે, આ લોકડાઉનના સમયમાં ઘણાં માણસો એકમેકના સંગાથમાં રહીને કંટાળી ગયા છે. પોતાના લોકો સાથે આટલી ઘનિષ્ઠતામાં રહેવા ટેવાયેલા નથી માટે ઈચ્છે છે કે આ સમય પૂરો થાય તો સારું. કેટલું 'વ્યંગાત્મક' છે નહિ ! જે માણસ પહેલા સમય મેળવાવ માટે પોતાનું બધું ખર્ચી નાખવા તૈયાર હતો. એ જ માણસ આજે આ 'ઘનિષ્ઠ સંબંધો'થી દૂર ભાગે છે ! જો આપણે આ પૃથ્વી પરના ક્ષણિક જીવનમાં, વસાવેલા પરિવારમાં, એકમેકની સાથે આરામથી નથી રહી શકતા તો ઈશ્વર સાથેની સંગતમાં સ્વર્ગમાં અનંતકાળ કેવી રીતે રહી શકીશું ? માટે, સ્વયંને યોગ્ય રીતે જાણીએ, સ્વયં વિષે સજાગ બનીએ, આપણા તાલંતોને શોધીએ, અને તેમનો ઉપયોગ ઈશ્વરના મહિમાને પ્રગટ કરવા માટે કરીએ. તેજ પ્રમાણે, આપણા જીવન સાથે સંકળાયેલા વ્યક્તિઓને, આદતોને, કરણીઓને, તથા સૌથી મહત્ત્વનું - 'આપણા ઈશ્વર સાથેના સંબંધને ચકાસીએ.' આ સઘળાનું અવલોકન કરીએ ને આપણી જિંદગીને ઈશ્વરની નજરમાં તેમને પસંદ પડે તેવી બનાવવા કાર્યશીલ થઈએ. કારણ કે, આ સુવર્ણ તક ફરી કદાચ આપણે દ્વારે ન આવે ! અને જો એમ થઈ રહે તો : (પ્રક્ટીકરણ ૮:૧૩) પ્રમાણે 'આપણને અફસોસ ! અફસોસ ! અફસોસ !'

તો ચાલો, સૌ પ્રથમ આપણી ભીતર નજર કરીએ ને સ્વયંને તપાસીએ, કે શું આપણે પવિત્ર ઈશ્વર સાથેના સનાતન સંબંધમાં બંધાયેલા છીએ ? જો ના, તો આજેજ, આ ક્ષણે આપણા પાપોની માફી ઈસુ ખ્રિસ્ત પાસે માંગીએ, પસ્તાવો કરીએ અને નવો જન્મ પામવા દ્વારા પવિત્ર આત્મા (આપણે સારું મોકલવામાં આવેલો જે સંબોધક)ને આપણા જીવનમાં આવકારીએ. આ રીતે આપણું જીવન ઈશ્વરને સોંપીએ ને તેમના વચનો વાંચીએ, સાંભળીએ અને વિશેષ કરીને પાળીએ, ને તે પ્રમાણે ઈશ્વરની દ્રષ્ટિમાં 'ધન્ય' થઈએ. ઈશ્વર સાથેના સંબંધમાં જોડાયા બાદ, આપણે આપણી જીવનશૈલી તપાસીએ; કે એવું શું છે આપણા જીવનમાં જેનાથી આપણે દેવને ખિન્ન કરીએ છીએ ? આપણા પાપ, કુટેવો, અપરાધો, આપણી દુર્વાસનાને જીવનમાંથી હાંકી કાઢીએ કેમ કે : (૧ કરિંથી ૩:૧૬) પ્રમાણે 'આપણે દેવનું મંદિર છીએ ને દેવનો આત્મા આપણામાં વસે છે' માટે દેવને પસંદ પડે તેમ તેને રાખીએ, આમ કરવા દ્વારા આપણને જીવનને ઈશ્વરને મહિમાને અર્થે વાપરીએ. સાથે સાથે ઈશ્વર તરફથી આશીર્વાદ રૂપે જે વહાલાં/સ્વજનો આપણને મળ્યાં છે તેમને યાદ કરીએ : શું મેં કોઈનું પડાવી લીધું છે, કોઈનું દિલ દુભવ્યું

છે, કોઈને ન કહેવાનું કહ્યું છે, જે કંઈ ખરાબ કર્યું છે તેના માટે હૃદયથી માફી માંગીએ. આપણા સંબંધોમાં આવેલા વિગ્રહને દૂર કરીને ‘એકમેકની હુંફમાં, પ્રેમમાં, સહનશીલતામાં, વિશ્વાસમાં, ધીરજમાં, સ્વીકારમાં, માફીમાં અને એક સાથે હોવાનાં સુખમાં આનંદ તથા સંતોષ માણીએ.’

આપણ સર્વને એક મોટો ભય સતાવતો હશે કે મારી જરૂરિયાતો એટલી બધી છે કે હું કઈ રીતે સ્વયંને તથા મારા કુટુંબને ટકાવી રાખીશ ? આપણામાંના ઘણાંએ નોકરી/ધંધો/રોજગાર ગુમાવ્યા છે, સ્વજન ગુમાવ્યા છે, અને નુકસાનના ભોગ બન્યા છીએ. આવા સમયમાં જેઓએ હજુ પોતાની રોજી ગુમાવી નથી તેઓએ ‘તમારી પાસે જે કઈ છે’ તેમાંનું થોડું આપણા જરૂરિયાતમંદ ભાઈ બહેનોને આપીએ. આમ ઈશ્વર બીજા લોકોના ખપ આપણા દ્વારા પુરા પાડશે. (માથ્થી ૬ઃ૩૧-૩૪) પ્રમાણે ‘કશાની ચિંતા ન કરીએ કારણ કે આપણા જીવતા દેવ આપણી સર્વ અગત્ય જાણે છે ને તે આપણા સર્વ ખપ પુરા પડશે.’ ચોક્કસ આ કપરા સમયમાં બીમારીનો ભય સતાવે તથા આવતી કાલની ચિંતા ડરાવે, ત્યારે કાંઈ પણ વધારે ન વિચારીએ પણ, વિશ્વાસથી ઈશ્વરને પ્રાર્થના કરીને ઈશ્વર તરફથી કૃપા, હિંમત, બળ અને ધીરજથી માંગણી કરીએ. આ સુંદર સમયને વેડફી ન દઈએ પણ તેનો સદુપયોગ કરીને ઈશ્વર સાથેના સીધા સંબંધમાં પુનઃસ્થાપિત થઈએ ને ઈશ્વર તરફથી કૃપામાં મળેલા જીવનને (એફેસી ૨ઃ૧૦) પ્રમાણે ‘સારી કરણીઓ’ કરવામાં વધારે ને વધારે ખર્ચાતા રહીએ. આપણને ‘સારી કરણીઓ’ કરવા માટે તેડવામાં આવ્યાં છે, તો આપણે કઈ રીતે સારી કરણી કરી શકીએ ? જે વ્યક્તિઓ બીજા લોકોની સેવામાં છે તેઓએ આ સેવાને એક ‘ફરજ’ નહિ પણ ‘લ્હાવો’ છે એમ સ્વીકારીને પૂર્ણ હૃદયે ખંતથી સેવા કરવી જોઈએ. કારણ કે દરેકને બીજાની સેવા કરવાનો લ્હાવો પ્રાપ્ત થતો નથી. ભલા સમરૂનીની જેમ જે કોઈ વ્યક્તિને આપણી મદદની જરૂર હોય તેને તે સહાય કરી શકીએ; જ્યાં અસત્ય, લોભ, દંભ અને મલિનતાનું રાજ ચાલે છે તેને તોડી પાડીએ અને ‘સારાની શરૂઆત’ કરીએ તે જ આપણી સારી કરણીઓ. જો આપણે ઈશ્વરનો મહિમા પ્રગટ કરવામાં કમતી માલુમ પડ્યા છીએ તો જે કોઈ રીતે ને જે કોઈ માધ્યમ દ્વારા થઈ શકે તેમાં ઈશ્વરની સેવા કરીએ, કારણ કે (માથ્થી ૨૫ઃ૪૦) પ્રમાણે ‘બહુ નાનાઓમાંના એક ને કર્યું તે મને (ઈશ્વર)ને કર્યું.’

પરિસ્થિતિ વધુ ને વધુ ગંભીર થશે તેની ચિંતા અને દુઃખમાં નાસીપાસ ન થઈએ પણ ઈશ્વર પરના વિશ્વાસમાં દ્રઢ બનીને ઈશ્વરની આણ સ્વીકારીને તેમાં ચાલીએ, કારણ કે (૨ કરિંથી ૧૨ઃ૯) પ્રમાણે ‘ઈશ્વરની કૃપા આપણે વાસ્તે બસ છે.’ ઈશ્વર આ સેકન્ડ ચાન્સ આપવા દ્વારા આપણને તેમની તરફ ફેરવવા ઈચ્છે છે, કે જેથી આપણે ફરીને એકવાર તેમનામાં જીવન જીવીએ ને તેમ કરવાથી ન્યાયકાળે સ્વયંને સારું દેવનો કોપ ભેગો ન કરીએ પણ અનંત જીવનના મુગટના હકદાર બનીએ. આપણે જ્યાં કાંઈ પણ છીએ, જેવા છીએ તેવા પુરા હૃદયે ઈશ્વરની હજુરમાં આવીએ ને પ્રભુ ઈસુ ખ્રિસ્તના આગમન સુધી તેમના ‘સુવાર્તા પ્રચારના’ મહાન આદેશને વળગી રહીએ. સુવાર્તા પ્રચાર કરીને ઈશ્વરના આ કોરોના મહામારી રૂપી ‘ન્યાયશાસન’ વિષે લોકોને કહીએ ને જેમ આપણે વિશ્વાસથી મફતમાં પાપોની માફી પામ્યા તેમ બીજાને પણ કરતાં શીખવીએ. આ કાર્ય દ્વારા ઈસુ ખ્રિસ્તના આગમનની વાટ જોઈએ કારણ કે ‘ઈસુ જેમ (પ્રક્ટીકરણ ૩ઃ૨૦)માં કહે છે તેમ તે આપણા સર્વના હૃદય રૂપી ઘરના બારણે ઉભા રહીને માંહે પ્રવેશવા દ્વાર ખટખટાવે છે.’

આ ‘સેકન્ડ ચાન્સ’ દરેકને પ્રાપ્ત નથી થતો, માટે જો આ ‘સેકન્ડ ચાન્સ’ પ્રાપ્ત થયો છે તો આપણે હવે નિર્ણય કરીએ, ‘કદાચને આપણ સર્વ માટે આ છેલ્લો ટકોરો હોય…’



# TEENAGE CORNER

(For Teenagers 13 to 19)

(૧૩ થી ૧૯ વર્ષના ટીનેજર્સ માટે ખાસ)



## હવે શું Covid ૧૯ પછી ?

નિલમ રૉય

માસ્ક...સેનિટાઈઝેશન...અને સોશિઅલ ડિસ્ટેન્સિંગ...આ શબ્દો સાંભળીને આપણે કંટાળી ગયા છીએ નહીં ! હા, એકની એક વાતથી કંટાળો આવે એ ખરું પણ આ વાતો આપણી હેલ્થકેર માટે જ છે ને ! ખેર...આ બધું ધ્યાન તો આપણાં રોજિંદા જીવનમાં રાખીએ જ છીએ. પણ હવે આટલાં લાંબા સમય પછી આ ચાર ચાર લૉકડાઉન પિરીઅડ પછી આગળ હવે શું થશે ? એ પ્રશ્ન આપણાં મનમાં જાગે એ સ્વાભાવિક છે. એટલે જ આજનું ટાઈટલ છે હવે શું... COVID ૧૯ પછી ?

તમને ખબર છે...ઈશ્વરે જ્યારે આ સૃષ્ટિની રચના કરી, ત્યારે તેમણે આદમ અને હવાને આશીર્વાદ આપીને કહ્યું કે, 'સફળ થાઓ, ને વધો, ને પૃથ્વીને ભરપૂર કરો, ને તેને વશ કરો;' આપણે આપણાં જીવનમાં સફળ થઈએ તે ઈશ્વરની યોજના છે અને તે ઈશ્વરને ગમે છે પણ ખરું ! હાલમાં જે સમયમાંથી આપણે સર્વ પસાર થઈ રહ્યાં છીએ તે અંધાધૂંધીનો સમય છે. કાલે શું થશે તે કોઈ જાણતું નથી. આખું વિશ્વ આજે પોતાની 'આજ' પર નભી રહ્યું છે એમ કહીએ કે ટકી ગયું છે. જો આપણી 'આજ' સલામત છે, તો આવતી કાલ વિશે આપણે વિચારી શકીશું અને તેથી આપણે આપણી 'આજ'ને સફળ બનાવવી પડશે.

શું તમે કદી ઢળતી સાંજે ઘરની અગાશીમાં લટાર મારતાં મારતાં તમારી 'આજ' વિશે વિચાર કર્યો છે ? મારા એક મિત્ર એ મને આવો જ એક વિચાર જણાવ્યો. તમારી 'આજ' વિશે તમે શું કહેશો ? હા, આજ વિશે વિચાર કરવો ખૂબ જરૂરી છે મિત્રો...! મેં પણ એ દિવસે વિચાર કર્યો.

હા, આજનો દિવસ તો ખૂબ સુંદર હતો...!

આજે તો કેટલાં બધાં પક્ષીઓ ચણવા આવ્યાં...!

આજે બ્લડ ડોનેશન કેમ્પ માટે સાહિત્ય પ્રચાર કર્યો...!

બપોરે સરસ એક મૂવી જોયું...!

અત્યારે એપાર્ટમેન્ટના ધાબેથી સનસેટ જોવાની કેટલી મજા આવે છે...!

અને દિવસની આખરે ઓન લાઈન બાઈબલ સ્ટડી કરીશું...બધાં મિત્રો સાથે મળીને આનંદ કરીશું...!

કેમ, આપણી 'આજ' સફળ રહીને દોસ્તો ! હમ્મ્, તો પછી હવે ચિંતા શેની ?

આપણી આવતીકાલ આપણાં પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે સુંદર જ હશે - એ પ્રભાતનાં જેવું ખાતરીપૂર્વકનું છે.

**કેસ સ્ટડી**

ઈ.સ. ૨૦૦૧માં ગુજરાતમાં ૬.૯ રેક્ટર સ્કેલનો ભયંકર ધરતીકંપ આવ્યો હતો. તેની સૌથી ગંભીર અસર કચ્છ જિલ્લામાં થઈ હતી. અમદાવાદમાં પણ મોટી સંખ્યામાં જાનહાનિ થઈ હતી. તે સમયે એક વિસ્તારમાં એક ફ્લેટ હાલી ગયો હતો. હવે શું થશે એ ચિંતાનો વિષય બની ગયો હતો. જો આ ફ્લેટને પાડી નાખવામાં આવશે તો તેમાં રહેનારાં કુટુંબોનું શું થશે...! આવી નિ:સહાય હાલતમાં તેઓ ક્યાં જશે...! કેટલી મહેનતથી ભેગાં કરેલાં નાણાં આ ફ્લેટ ખરીદવાં પાછળ લગાવ્યાં હતાં... કેટલાક લોકોની તો જિંદગીની કમાણી હશે ! શું આ બે ઘડીના આંચકાઓમાં તે વેડફાય જશે ! - ને આવાં કંઈક વિચારો લોકોનાં

દિલોદિમાગ પર છવાઈ ગયા હતા. મહિનાઓ સુધી ગળે ખાવાનું ઉતરતું નહોતું. લોકો ખુલ્લાં મેદાનોમાં ટેમ્પરરી ટેન્ટ લગાવીને જીવન જીવી રહ્યા હતાં. જીવવાનું તો શું...જીવન પસાર કરી રહ્યાં હતાં !

કોઈ ભવિષ્ય દેખાતું નહોતું...બધે જ અંધારું...! બસ, ફ્લેટ તોડી પાડવાની ઘડીઓ ગણાય રહી હતી. મુંબઈથી એક્સપર્ટ એન્જિનિયર્સ આવશે એટલે ફ્લેટને તોડી પાડવામાં આવશે. એ સમયે કેટલીક વ્યક્તિઓને પ્રાર્થના કરવાનો વિચાર આવ્યો.

'આપણે આ બાબત સંબંધી પ્રાર્થના કરીએ તો !'

પ્રાર્થના પરિસ્થિતિ બદલે છે... પ્રાર્થના વ્યક્તિઓને બદલે છે... પ્રાર્થના વિચારોને બદલે છે...! - આ વાતો આપણે જાણીએ જ છીએ. બસ, અમલમાં મૂકવાની જરૂર હતી અને ત્યાં પ્રાર્થનાઓ થઈ. પરિણામે, મુંબઈથી આવેલાં એન્જિનીયિર્સે ગર્ડર મૂકીને, ટેકા આપીને ફ્લેટને ટકાવી દીધો અને આજે પણ એ ફ્લેટ ઊભો છે. તેમાંના રહીશો શાંતિથી જીવી રહ્યા છે.

**વિશ્લેષણ**

**'Every cloud has a silver line.'**

આપણે જાણીએ છીએ કે, 'દરેક કાળાં વાદળોની પાછળ એક સોનેરી કિનારી છુપાયેલી હોય છે.' એટલે કે, જ્યારે કાળાં વાદળો વિખેરાઈ જશે ત્યારે તે વાદળોની પાછળ છુપાયેલો સૂરજ પ્રકાશવાનો જ છે. આપણે આજનાં અંધકારથી નાહિંમત થઈ જવાનું નથી. સુખમાં અને મુશ્કેલીઓમાં, બંને પરિસ્થિતિમાં સારું લાગે તેવું પેલું એક વાક્ય તમે જાણો છો ને મિત્રો...! 'આ પરિસ્થિતિ કાયમ માટે રહેવાની નથી.' હા, આજનો સમય વિકટ છે...કટોકટીનો છે...અઘરો છે...ટર્નિંગ પોઈન્ટ છે !

જીવનમાં આવતાં ટર્નિંગ પોઈન્ટ હંમેશા બિહામણો હોય છે. જ્યાં વળાંક આવે છે ત્યાંથી આગળનો રસ્તો દેખાતો નથી. પરંતુ આગળ વધવા માટે આપણે ગાડીને વળાવવી તો પડે જ છે. અને જેવી ગાડી ટર્નિંગ પોઈન્ટ પર ટર્ન થાય છે કે તરત જ એકદમ સ્પષ્ટ અને સીધો રસ્તો નજરે પડે છે. ત્યાં કશી જ મૂંઝવણ કે ચિંતા રહેતી નથી. આ સમય આપણે ઈશ્વર પર વિશ્વાસ રાખીને જીવવાનો છે. આ એક એવો ફેઝ છે, જેને આપણે પસાર કરવો જ રહ્યો !

બની શકે કે, ક્યાંક આપણે અથવા આપણાં સગાંસ્નેહી આ કોરોના વાયરસથી સંક્રમિત થયાં હોઈએ. એ સમય બીકનો, ડરનો અથવા તો ભવિષ્યમાં અંધકાર સમાન લાગ્યો હોય ! તેમ છતાં પોઝિટિવ એટીટ્યુડ સાથે જીવવાની શરૂઆત તો કરવી જ પડશે. એક વાત યાદ રાખવી પડશે કે, પરિસ્થિતિ ગમે તે આવે પણ મારો ઈશ્વર મહાન છે. રોજ રોજ ઈશ્વરની સંગતમાં ચાલવું પડશે. જીવન પરિવર્તનના આ સમયમાં નવી રીતે જીવવાની પધ્ધતિ સ્વીકારવી પડશે. ગઈકાલ, જે ચાલી ગઈ છે તે હવે પાછી આવવાની નથી. જીવનમાં આવનારાં નવા પડકારોનો સામનો કરવા અપડેટ થવું પડશે.

**સૂચનો**

રાતોરાત બદલાઈ ગયેલાં સંજોગો સાથે કદમ તાલ મિલાવતા આપણે નવી ટેવો કેળવવી પડશે. કદાચ, આપણાં માટે તદ્દન અલગ કહી શકાય એવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

બહાર નીકળતી વખતે માસ્ક...બહારથી આવીને હેન્ડ વૉશ...અને શક્ય એટલું સોશિઅલ ડિસ્ટેન્સિંગ...આ ત્રણ ફંડા યાદ કરી લેવાં પડશે.

સકારાત્મક વાતો...વલણ અને ઊર્જા ધરાવતા લોકો સાથે સંબંધો કેળવવા પડશે.

રોગ પ્રતિકારક શક્તિ વિકસાવવા માટે સારો પૌષ્ટિક આહાર લેવો પડશે.

જીવનનું મૂલ્યાંકન...જીવનને ઈશ્વરની અણમોલ ભેટ ગણીને જીવવાનું શરૂ કરવું પડશે.

**અનુસંધાન પેજ. ૨૩ પર**

# ચિત્ર વાર્તા

## લોકડાઉનથી કંટાળેલી હીના

લેખન - ચિત્રાંકન

કલેરા ક્રિશ્ચિયન, મહેમદાવાદ



'ચાલ, મારી પ્રજા, તારી પોતાની ઓરડીમાં પેસ ને પોતે માંહે રહીને બારણા બંધ કર, કોપ બંધ પડે ત્યાં સુધી થોડીવાર સંતાઈ રહે.' (યશાયા ૨૬:૨૦)

લોકડાઉનથી કંટાળેલી હીના બારણું ખોલતી હતી ત્યાં જ મમ્મીએ બૂમ પાડી, 'બેટા, બહાર જતી નહિ. ખબર છે ને કે એકવીસ દિવસનું લોકડાઉન ચાલે છે.'



પગ પછાડતા નાની હીના બોલી, 'હવે તો ઘરમાં કંટાળો આવે છે.' ભાઈ મયૂર બોલ્યો, 'બેન, બહાર જવાથી કોરોનાનો ચેપ તરત લાગી જાય. આખા વિશ્વમાં તે ફેલાઈ ગયો છે.'



હીનાએ પૂછ્યું, 'પણ કોરોના એટલે.' તેને અટકાવતા મયૂરે કહ્યું, 'જો આજના પેપરમાં તેનું ચિત્ર આવ્યું છે. એરંડાના ફળ જેવો ને દેખાય છે. તેને કોવીડ-૧૯ પણ કહે છે.'



મમ્મી બોલી, 'બેટા છૂટના સમયમાં હું કરિયાણું લેવા જાઉં છું ત્યાં દુકાન આગળ દૂર દૂર કુંડાળા દોરેલા હોય છે. તેમાં જ ઊભું રહેવાનું. ચેપ ના લાગને માટે.'



મયૂરે કહ્યું, 'અને આ જીવાણું આપણા શરીરમાં પ્રવેશે તેની ખબર પણ પડતી નથી. ત્રણ ચાર દિવસ સુધી તે ગળામાં જ રહે છે. તેથી ઉધરસ અને તાવ આવે. જેને આપણે સામાન્ય ગણી લઈએ છીએ.'



મયૂરે મોબાઈલમાં એક ચિત્ર બનાવ્યું અને કહ્યું, 'ગળામાં કોરોનાના જીવાણું નાશ ન પામે તો તે પેફસામાં જાય છે. ધીરે ધીરે આખા ફેફસાને કફથી ભરી દે છે. દર્દીને ફેફસાને કફથી ભરી દે છે. દર્દીને શ્વાસ લેવાની પણ તકલીફ પડે છે. ક્યારેક મૃત્યુ પણ થઈ જાય છે.'




મમ્મીએ કહ્યું, 'એટલે જ લોકડાઉનમાં બસ, ટ્રેન, વિમાન બધું જ બંધ છે. જેથી લોકો એકબીજાના સંપર્કમાં ન આવે. શહેરોમાં સ્મશાન જેવી શાંતિ છવાઈ ગઈ છે. પણ કરવું જ પડે.'



સોફા પર બેસતા હીના બોલી, 'હવે તો જરાય બારણું નહિ ખોલું. ઘરમાં જ રહીશ. વાર્તાના પુસ્તકો વાંચીશ, ટીવી. જોઈશ, ચિત્ર દોરીશ, કૂકરી, કેરમ વગેરે રમીશ.'



મયૂરે કહ્યું, 'અને ખાસ ધ્યાન રાખવાનું કે ઉધરસ આવે તો મોં પર રૂમાલ ઢાંકી દેવાનો. ગમે ત્યાં થૂંકવાનું નહિ. વારંવાર સાબુથી હાથ ધોવાના ગરમ પાણી પીવાનું.'



પેપર વાંચતા વાંચતા તેના પપ્પા બોલ્યા, 'સાંભળ. વિશ્વના ૨૦૫ દેશોમાં દસ લાખ જેટલા લોકો આજે રોગના ભોગ બન્યા છે. આજ સુધી પચાસ હજારથી પણ વધારે લોકોના મૃત્યુ થયાં છે. પણ ગભરાવાની જરૂર નથી. સાવચેતી રાખવાની.'



મમ્મીએ કહ્યું, 'અને પ્રાર્થના કરવાની પેલો અધ્યાય આવડે છે ને ! જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો પણ કંઈપણ ભૂંડાઈથી બીશ નહિ, કેમ કે તું (ઈશ્વર) મારી સાથે છે.' હીના અધ્યાય બોલવા લાગી.



# બાળ લેખકોની



## વાર્તા - ખરા મદદગાર

પ્રાર્થના હેરી



ગ્લોરિયા આઠમાં ધોરણમાં ભણતી હતી. તે ખૂબ જ ઉત્સાહી અને આનંદી છોકરી હતી. તે ખૂબ જ વિશ્વાસુ હતી નિયમિત બાઈબલ વાંચતી, પ્રાર્થના કરતી, સન્ડેસ્કૂલમાં જતી પણ તે અભ્યાસમાં નબળી હતી, તેનું તેને ખૂબ દુઃખ હતું. તેની બહેનપણીઓ ઘણી વાર મજાક કરતી કે, તું ખૂબ મહેનત કરે છે પણ તારા માર્ક્સ કેમ આટલા બધા ઓછા આવે છે. તેને આ સાંભળીને ઘણું દુઃખ થતું પણ તે કશું જ બોલતી ન હતી.

પ્રભુ પર તેનો વિશ્વાસ ખૂબ જ હતો. તેને કારણે તેની નિરાશા દુર થઈ જતી. તેના મમ્મી-પપ્પા પણ તેને ઉત્તેજન આપતા. હવે એક દિવસે તેની બહેનપણીઓ એ તેની ખૂબ મજાક ઉડાઈ. તેથી તે ઘરે આવીને ખૂબ નિરાશ થઈને બેઠી હતી ત્યારે તેના મમ્મી આવે છે. તેના મમ્મી તેને પૂછે છે કે બેટા શું થયું ? ત્યારે તે તેના મમ્મીને આખી વાત કહે છે. તેના મમ્મી તેને કહે છે કે, 'બેટા આપણોપ્રભુ મદદ કરનાર ઈશ્વર છે. બેટા, તું જયારે પણ ભણવા બેસે ત્યારે તું પ્રાર્થના કર કે હે પ્રભુ તમે મારી મદદ કરો; હું જે પ્રાર્થના કર કે હે પ્રભુ તમે મારી મદદ કરો, હું જે વાંચુ તે મને યાદ રહે, તમે મને જ્ઞાન આપજો, અને પરીક્ષા વખતે તેને મારી સાથે રહેજો.' ગ્લોરિયા આ સાંભળીને ખુશ થઈ ગઈ અને તેનો વિશ્વાસ પણ વધી ગયો અને ખૂબ જ પ્રાર્થના અને વિશ્વાસ સાથે તેણે મહેનત કરવાની ચાલુ કરી અને પ્રભુની સહાય થકી તે પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થઈ.

તો મિત્ર, ખરેખર આપણો પ્રભુ મદદગાર છે.

તે આપણને પરીક્ષા વખતે જ નહીં પણ કોઈ પણ મુશ્કેલીના સમયે આપણી મદદ કરે છે. તે આપણી દરેક પ્રાર્થના સાંભળીને તેનો જવાબ આપે છે પ્રભુનું વચન કહે છે.

યર્મિયાહ ૩૩ઃ૩

'તું મને હાંક માર એટલે હું તને ઉત્તર આપીશ.'

# ક્રાફ્ટ કોર્નર




**પેજ. ૧૯ થી ચાલુ**

બીજા લોકો પ્રત્યે પ્રેમભાવ રાખતાં તેમને મદદરૂપ થવાની ભાવના રાખવી પડશે.

જીવનનો ઉદ્દેશ માત્ર નાણાં કમાવા કે નામ કમાવું એટલું જ નહીં, પરંતુ આ સુંદર જિંદગીની વેલ્યુ કરતાં પોતે શીખવું પડશે અને બાળકોને શીખવવું પડશે.

છેલ્લી, પણ અગત્યની અને સૌથી પ્રથમ કરવાની બાબત...ઈશ્વરનાં પવિત્ર વચનોનું વાંચન - પ્રાર્થના તથા ઈશ્વર સાથે સંગત...નિયમિત રીતે કરવાથી આ નવાં પડકારોની અડધી મુશ્કેલીઓ દૂર થઈ જશે.

આપણે જાણીએ કે, ભૂતકાળમાં પણ આમ જ આવી પડેલી પરિસ્થિતિઓનો સામનો કરતાં કરતાં આપણાં વડીલો અહીં સુધી આવ્યાં છે. માટે એમનાં અનુભવો પરથી સમજણ કેળવીને આપણે પણ જીવતાં શીખીએ.

હાલમાં બહુચર્ચિત,

'પ્રભુ ઈસુનું પુનરાગમન નજીક છે માટે આપણે તૈયાર રહીએ.'

હા ખચીત, તેમનું આવવું પ્રભાતનાં જેવું ખાતરીપૂર્વકનું છે. પરંતુ, તે હમણાં જ આવશે અથવા ગમે ત્યારે આવે. કારણ ઈશ્વરપિતા સિવાય એ વાતો કોઈ જાણતું નથી. માટે ખોટી વાતો, અફવાઓ એ પવિત્ર બાઇબલના વચનો ખોટી રીતે શીખવનારાઓથી સાવચેત રહીને ઈશ્વરનાં પવિત્ર ભયમાં આનંદથી જીવીએ.

આપણી આવતીકાલ સૂર્યના પ્રકાશ જેવી ઉજ્જવળ છે.

QUOTE OF THE MONTH
At the end of the day the goal are
simple : SAFETY AND SECURITY
Jodi Roll Tormer Gorerar of Conmeatiat

# સન્ડેસ્કૂલ એસાઈનમેન્ટ

**પ્રાથમિક વિભાગ - પુસ્તક-૧**

**પાઠ - ૬ પ્રથમ ચાર શિષ્યો (શાસ્ત્રપાઠ માંથી)**

મુખપાઠ કલમ : 'મારી પાછળ આવો, ને હું તમને પકડનારા કરીશ.'



નીચેના પ્રશ્નોના જવાબ લખો.

૧. ઈસુ કયા સમુદ્રને કાંઠા ચાલતો હતો ? ગાલીલ ર

૨. ઈસુએ કોને સમુદ્રમાં જાળ નાખતા દીઠા ?

જ. સિમોન જે પિતર કહેવાય છે તેને તથા તેના ભાઈ

૩. ઈસુએ સિમોન પિતર અને આન્દ્રિયાને શું કહ્યું ?

જ. 'મારી પાછળ આવો, ને હું તમને માણસોને પકડનારા કરીશ.'

૪. આગળ જતાં ઈસુએ બીજા કોને જોયા ?

જ. ઝબદીના દીકરા યાકૂબને તથા તેના ભાઈ યોહાનને.

૫. યાકૂબ અને યોહાન શું કરતા હતા ?

જ. યાકૂબ અને યોહાન તેઓના પિતા ઝબદીની સાથે પોતાની જાળો સાંધતા હતા.

૬. ઈસુના પ્રથમ ચાર શિષ્યોના નામ લખો ?

જ. પિતર, આન્દ્રિયા, યાકૂબ અને યોહાન.

**પાઠ - ૭ ભલો સમરૂની (શાસ્ત્રપાઠ લૂક ૧૦:**

મુખપાઠ કલમ : 'જેવો પોતા પર તેવો તારા પડોશી પર (પ્રેમ રાખવો)' લૂક ૧૦:

પ્રશ્નોના જવાબ આપો.



૧. યહૂદી માણસ ક્યાં જતો હતો ?

જ. યહૂદી માણસ યરૂશાલેમથી યરીખો જતો હતો.

૨. રસ્તામાં આ માણસને કોણે મારીને અધમૂઓ કર્યો ?

જ. લૂંટારાઓએ

૩. આ માર્ગેથી કોણ કોણ પસાર થયું ?

જ. યાજક, લેવી અને સમરૂની માણસ.

૪. કોણે ઘાયલ માણસને મદદ કરી ?

જ. સમરૂની માણસે

૫. સમરૂની માણસે કેવી રીતે ઘાયલ માણસની કરી. ?

જ. ઘાયલ માણશના ઘર પર પાટો બાંધ્યો.

૬. ઘાયલ માણસનો મિત્ર કોણ બન્યો ?

જ. ભલો સમરૂની

૭. 'ભલો સમરૂની' વાર્તા દ્વારા આપણને શું શીખવા મળે છે?

જ. દયા કરવાનું શીખવા મળે છે.

**પાઠ - ૮ અધિકારીના દીકરાને સાજાપણું આપે છે**

શાસ્ત્રપાઠ : યોહાન ૪ઃ

મુખપાઠ કલમ : 'તમારાં શિષ્યોને વ્યાકુળ થવા ..... તમે ઈશ્વર વિશ્વાસ' રાખ્યો છે.... પર પણ વિશ્વાસ રાખો. (યોહાન ૧૪ઃ૧)



પ્રશ્નોના જવાબ આપો.

૧. ઈસુ કયાં ગામમાં ફરીથી આવ્યા?

જ. ગાલીલના કાના ગામમાં.

૨. કોણ માંદુ પડ્યું હતું?

જ. કફર નાહૂમમાં અમીરનો દીકરો

૩. આ અમીર માણસે કોને વિનંતી કરી?

જ. ઈસુને, પોતાના દિકરાને સાજા કરવા વિનંતી.

૪. ઈસુએ અમીર માણસને શું કહ્યું?

જ. ચાલ્યો જા. તારો દીકરો જીવતો રહ્યો છે.

૫. અમીર માણસ આ સાંભળીને જતો હતો ત્યાં સામે કોણ મળ્યું તેણે શું કહ્યું?

જ. તેનો ચાકર, તેણે કહ્યું તારો દિકરો જીવતો રહ્યો.

૬. ચાકરની વાર્તા સાંભળી અમીર માણસે શું જાણ્યું?

જ. કે જે ઘડીએ ઈસુએ મને કહ્યુંહતું કે તારો દીકરો રહ્યો છે તે જ ઘડીએ એ થયું.

**પાઠ - ૯ ઈસુ તોફાન શાંત કરે છે**

(શાસ્ત્રપાઠ લૂક ૮ઃ૨૨-૨૫)

મુખપાઠ કલમ : 'આ તે કોણ છે કે પવનને તથા પણ આશા કરે છે ને તેઓ તેનું -----' (લૂક ૮ઃ૨૫)

પ્રશ્નોના જવાબ આપો.

૧. ઈસુ અને શિષ્યો ક્યાં જતાં હતા?

જ. સમુદ્રને પેલે પાર.



૨. સમુદ્રમાં શું થયું?

જ. પવનનું તોફાન થયું.

૩. હોડીમાં શું ભરાઈ જવા લાગ્યું?

જ. પાણી

૪. શિષ્યોએ કોને જગાડ્યા?

જ. ઈસુને

૫. ઈસુએ શું કર્યું?

જ. પવનને તથા પાણીના મોજાને ધમકાવ્યાં એટલે તે પડ્યાં, ને શાંતિ થઈ.
૬. ઈસુએ શિષ્યોને શું કહ્યું ?
જ. તમારો વિશ્વાસ ક્યાં છે ?
૭. શિષ્યોએ માંહોમાંહે શું કહ્યું ?
જ. 'આ તે કોણ છે કે પવનને તથા પાણીને પણ .....ને તેઓ તેનું માને છે.'

## પાઠ - ૧૦ ઈસુ પાંચ હજારને ભોજન આપે

શાસ્ત્રપાઠ (યોહાન ૬:૧-૧૩)

મુખપાઠ કલમ - 'મારો ઈશ્વર પોતાના મહિમાની સંપત્તિ તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી' (ફિલિપી ૪:૧૯)



૧. ગાલીલનો સમુદ્ર કયો કહેવાય છે ?
જ. તિબેરિયાસ
૨. ઈસુની પાછળ કોણ આવતું હતું ?
જ. લોકોનો મોટો સમુદાય
૩. કયું પર્વ આવ્યું હતું ?
જ. પાસ્ખાપર્વ
૪. ઈસુ ખોરાક વિશે કોને પૂછે છે ? શું પૂછ્યું ?
જ. ફિલિપીને પૂછે છે કે તેમને ખાવાને માટે આપણે ---- વેચાતી લઈએ.
૫. એક જુવાન પાસે ખોરાક છે એવું કોણે કહ્યું ?
જ. આન્દ્રિયાએ
૬. જુવાન પાસે કેટલો ખોરાક હતો ?
જ. જવની પાંચ રોટલી અને બે માછલી.
૭. કેટલા લોકો બેઠા ?
જ. આશરે પાંચ હજાર.
૮. ઈસુએ રોટલીઓ લઈને શું કર્યું ?
જ. સ્તુતિ કરીને બેઠેલાઓને પીરસી.
૯. છડેલા કકડા જમનારાઓએ રહેવા દીધા હતા, તેની ટોપલી ભરાઈ ?
જ. ૧૨ ટોપલી ભરાઈ.



## સાક્ષી - 'શ્રદ્ધાનો જો વિષય હોય..!!'

નિસર્ગ રાજેન્દ્રકુમાર દેસાઈ

કોરોના વાયરસની મહામારીના ભરડામાં આખું વિશ્વ છે. ભારત પણ તેમાંથી બાકાત નથી અને આ વાયરસને આગળ વધતો અટકાવા માટે 'જીૈક્ક ઙ્રૈજંક્રહૈહ્ન' જેવા ઘણાં પ્રયોગો કરવામાં આવ્યા. તે પહેલા સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૧ દિવસનું 'ન્ર્ઙ્ઘ્રુહ' આપવામાં આવ્યું. આ સમયગાળામાં મારું પોસ્ટિંગ દાહોદ જિલ્લાના લિમખેડા તાલુકામાં નાયબ મામલતદાર તરીકે થયું હતું. અચાનક ન્ર્ઙ્ઘ્રુહની પરિસ્થિતિ બાદ વાયરસના વ્યાપને વધુ અસરકારક રીતે અટકાવવા માટે જીંઙ્ઘી ન્ર્ઙ્ઘ્રુહ ૐ ઙ્ઘૈજૈંજિં ન્ર્ઙ્ઘ્રુહ જેવા આદેશો પણ તંત્ર તરફથી આપવામાં આવ્યા, જેના પરિણામસ્વરૂપ હું દાહોદ જિલ્લાના લિમખેડા તાલુકામાં જે રોકાવા મજબૂર બન્યો. મહેસૂલી કર્મચારીની ફરજ આવા આપત્તિના સમયમાં ૨૪૮૭ ગણાય તેના કારણે હું લિમખેડાના વિશ્રામગૃહમાં રહેવા આવ્યો.

આ District Lockdownના સમયગાળા દરમિયાન સૂરતમાં વિવિધ રોજગાર અર્થે આવેલા ૭૫ જેટલા પરપ્રાંતિય લોકોની એક ટ્રક પોતાના વતને જવા માટે રવાના થઈ રહી હતી અને તાત્કાલિક ઙ્ઘૈજૈંજિં ન્ર્ઙ્ઘ્રુહના આદેશ થતા તેઓ દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ગામે આવી પડ્યા. ત્યાંથી તેઓને આગળ મોકલવામાં આવતા તેઓ લિમખેડા આવી પહોંચ્યા. કોરોના વાયરસના વધતા વ્યાપની સ્થિતિના કારણે જિલ્લા વહીવટીતંત્રના આદેશ અનુસાર આ પ્રકારના પરપ્રાંતિય લોકો જ્યાં છે તે જ તાલુકામાં તેમની માટે 'જીરીજ્ઞીિ ર્ઁદ્બી' બનાવવામાં આવે અને તેમને માટે રહેવા-જમવાની તમામ સુવિધા ઊભી કરવામાં આળે. એવી જાણ કરવામાં આવી.

આ લોકો વિશે થોડી નકારાત્મક વાતો મેં સાંભળી હતી તેના આધારે હું ઈચ્છતો હતો કે મને Shelter Home In-charge ન બનાવામાં તો સારું. પરંતુ ઈશ્વરની દ્રષ્ટિ દૂરંદેશી હોય છે, ઈશ્વરની ઈચ્છા આપણે સમજી શકતા નથી અને અંતે તે જવાબદારી કોને આપવી તે અંગેના મામલતદારના હુકમમાં મારું નામ હતું. હજુ તો મારી નોકરીને માંડ ૧ મહિનો જ થયો હતો ત્યાં આટલી મોટી જવાબદારી સાંભળી હું થોડો ગભરાયો. તેમ છતાં દરેક જવાબદારી ઈશ્વર તરફથી આવે છે તેવું સમજીને મેં તે સ્વીકારી.

વાત વાતમાં જુગેશને ખબર પડી કે હું ઈસાઈ ધર્મ પાળું છું. તે એક દિવસ મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો. 'સાબ, આપ ઈતને દિનોસે યહાં હૈં, મુજે માલુમ નહીં કી આપ ઈસાઈ હો !' મેં તેને ફક્ત એટલું જ કહ્યું, 'અચ્છા...' હું Formality સાથે વાત પૂરી કરવા ચાહતો હતો. કારણ કે હું ઈસાઈ ધર્મ તો પાળતો હતો. પરંતુ ઘણી વાર મારી શ્રદ્ધા જાણે કે ટૂંકી પડતી હોય એમ લાગતું અને હું ખાસ કરીને કોઈની સાથે ધર્મ વિશે ચર્ચા કરવાનું ટાળતો હતો.

તેણે બોલવાનું શરૂ કર્યું, 'સાબ, મેં પરમેશ્વરમેં માનતા હું.' હવે વાતે કંઈક અલગ જ વળાંક લીધી. તેણે કહ્યં, 'સાબ, મેં ચર્ચમેં જાતા થા, જબ જુહુમેં પોસ્ટ કંટ્રોલ કા કામ કરતા થા તબ. સાબ મેં પાસ્ટર અનિલ કાંત કો જાનતા હું. મુજે પ્રભુ યેશુને સપનેમેં દર્શન દિયા હૈં. મૈંને નર્ક કો ભી દેખા હૈં, સપને મેં સાબ !' હું તેની સામે જોઈ રહ્યો અને તેને સાંભળી રહ્યો હતો. મને એવું હતું કે આ વ્યક્તિ કોઈના પ્રભાવમાં આવીને અઠવાડિયું-મહિનો ચર્ચમાં ગયો હશે તેથી આવું બોલી રહ્યો છે, પરંતુ તેણે વાત આગળ વધારી. 'સાબ, મૈંને તીન સાલ બાઈબલ પઢી હૈં ! સાબ, મુજે યે બાત સમજાઓ કી યે બિમારી ક્યું આતી હૈં !' હું

પેજ ૩૧ પર

# ગીત ગુંજન

## સાત વાના

કલેરા ક્રિશ્ચિયન

(જેને યહોવા ધિક્કારે છે)
ગર્વિષ્ઠ આંખો જોઈને યહોવા કંટાળે છે,
તપાસીએ આજે સૌ આપણી નજરને જો.
જૂઠાબોલી જીભને યહોવા ધિક્કારે છે,
તપાસીએ આજે સૌ આપણી વાણી જો.
નિર્દોષ લોહી વહેવડાવનાર હાથ તો ભૂંડો છે,
તપાસીએ આજે સૌ આપણાં હાથ જો.
દુષ્ટ તરંગો રચનાર હૃદયો ભૂંડા છે,
તપાસીએ આજે સૌ આપણાં હૃદયને જો.
નુકસાન કરવા દોડતાં પગોને ધિક્કારે છે,
તપાસીએ આજે કે આપણે ક્યાં છીએ.
જૂઠા સાક્ષીથી યહોવા સદા કંટાળે છે,
તપાસીએ કે આપણે જૂઠા સાક્ષી નથી.
ભાઈઓમાં કુસંપ કરાવનાર ભૂંડા છે,
સમાધાન કરાવનારા આપણે સૌ બનીએ જો.
નાના મોટાં સૌ કોઈ સાંભળે વાત જો,
દેવ ધિક્કારે છે આ સાત વાનાને જો.

## A Good Child

Written by: Robert Louis Stevenson

I woke before the morning, I was happy all the day,
I never said an ugly word, but smiled a stuck to play.
And now at last the sun is going down behind the wood,
And I am very happy, for I know that I've been good.
My bed is waiting cool and fresh, with linen smooth and fair,
And I must off to sleep again, and not forget my prayer.
I know that, till to morrow I shall see the sun arise,
No ugly dream shall fright my mind, no ugly sight my eyes.
But slumber hold me tightly till I waken the dawn,
And hear the thrushes singing in the lilacs round the lawn.

## ચાલીએ ઈસુની પાછળ આજ

નોરીન હેબલ

સોટી કોરડાંનો માર ને થૂંક્યાં એ નિર્દય,
રૂધિર ધારા વહેતી રહી અચક્યાં ના નિર્દય...
કરી રહ્યાં જ્યાં બેરહેમી લોકો ઈસુ પર દમન,
જઈ ચડ્યો એ જ મારગે કુરેનીનો સિમોન...
પકડી સિમોનને ઊંચકાવ્યો થંભ ઈસુનો તે વાટે,
થંભ ઊંચકી ઈસુનો ચાલ્યો સિમોન ગુલગુથાની વાટે...
થંભ ઊંચકી ચાલ્યો સિમોન પાછળ પાછળ ઈસુની,
મળ્યું મુજને આહ્‌વાન તેથી, ચાલવા પાછળ ઈસુની...
જડું હું મુજ પાપો સૌ એજ થંભે આજ,
ઊંચકી મુજ થંભ ચાલીશ ઈસુની પાછળ આજ...
એ જ પાક રૂધિર કરશે, શુદ્ધ મુજને આજ,
ચાલવા પાછળ સદા ઈસુની અરપું છું જીવન આજ...
બીક નિરાશા થાશે દૂર ચાલતાં પાછળ ઈસુની,
માફી ને તારણ પામીશ હું ચાલતાં પાછળ ઈસુની...

(વાટ=રસ્તો, પાક=પવિત્ર, નિર્દય=દયા વગરનાં, આહ્‌વાન=પડકાર, દમન=જુલમ)

(સંદર્ભ : સિમોન કુરેની લુકની સુવાર્તા ૨૩:૨૬)

## Little Light of mine

Anonymous

This little light ofmine, I'm going to let it shine.(3)
Let it shine, all the time, let it shine.

All around the neighborhood, I'm going to let it shine.(3)
Let it shine, all the time, let it shine.

Hide it under a bushel? No! I'm going to let it shine.(3)
Let it shine, all the time,let it shine.

Don't let Satan [blow] it out! I'm going to let it shine.(3)
Let it shine, all the time, let it shine.



# અવનવી વાતો...



## પાણી...પાણી...પાણી...

સંકલન




દોસ્તો, આપણી પૃથ્વી પર જીવન છે અને એ જીવન માટે સૌથી અગત્યનું પરિબળ કયું છે તમને ખબર છે. હા, પાણી મિત્રો, પાણી વગર જીવન શક્ય જ નથી. પૃથ્વી સિવાયના બીજા ગ્રહો પર જીવન હશે કે કેમ એ વિશે હાલ ઘણાં સંશોધનો થાય છે. આ સંશોધન કરનાર વૈજ્ઞાનિકને ---- કહેવામાં આવે છે. તેઓ સૌથી પહેલાં એ શોધે છે કે કોઈ ગ્રહ પર પાણી છે. જો પાણી હશે તો ત્યાં જીવન હોવાની શક્યતા હોઈ શકે. જો કે આપણાં સૂર્ય મંડળમાં હજુ એવા બીજા કોઈ ગ્રહ કે ઉપગ્રહ વિશે માહિતી મળી નથી કે જ્યાં પાણી હોય.

પૃથ્વી પર જેટલું પાણી છે તેમાંથી ૭૧% પાણી સમુદ્રમાં છે અને પૃથ્વીની સપાટીનો ઘણો મોટો ભાગ સમુદ્ર રોકે છે. વાતાવરણમાં પણ ભેજ સ્વરૂપે પાણી રહેલું હોય છે.

આપણી પૃથ્વી પર જે પીવાલાયક પાણી છે એટલે કે જેમાં મીઠાનું પ્રમાણ નહીંવત માત્રામાં હોય, તેવું ફ્રેશ વૉટર મોટાભાગે બરફ સ્વરૂપે સંગ્રહિત થયેલું હોય છે. થોડું એટલે કે ૩૦% જેટલું પાણી જમીનમાં હોય છે અને બાકીનું નદી અને તળાવોમાં મળે છે.

સમુદ્રમાં રહેલા પાણીમાં મીઠાનું પ્રમાણ અલગ અલગ હોય છે. પેસિફિક મહાસાગર કરતાં એટલાન્ટિકનું પાણી વધારે ખારું છે. એન્ટાર્કટિકાના ડોન જહોન પોન્ડમાં સૌથી ખારું પાણી છે.

પાણીના એક નાના ટીપામાં લાખોની સંખ્યામાં બેક્ટેરિયા કે વાઈરસ હોઈ શકે છે. એ ઉપરાંત માછલીના ઈંડા, કરચલના નાના બચ્ચા કે નાના કૃમિ પણ હોઈ શકે છે. આમ પાણીનું નાનકડું ટીપું લાખો ને જીવન આપી શકે છે.

પૃથ્વી જેમાંથી બની છે એ ખડકાળ ટુકડામાં પણ પામી સંગ્રહેલું હોય છે. ત્યાં સંગ્રહાયેલું પાણી એ ઘન, પ્રવાહી કે વાયુ નહિ પણ ચોથા સ્વરૂપે સંગ્રહાયેલું છે. તે પૃથ્વીના પેટાળમાં એટલે કે પૃથ્વીની સપાટીથી ૪૧૦ કિલોમીટર નીચે હોય છે. જે કદાચ ધૂમકેતુ પૃથ્વીની સપાટી પર અથડાવાને કારણે હોય શકે છે. કારણ કે ધૂમકેતુ મોટા ભાગે બરફના ટૂકડા હોય છે.

આમ તો ઘન પદાર્થ પાણીની સપાટી પર તરી શકતો નથી. પરંતુ બરફ એ ઘન સ્વરૂપમાં હોવા છતાં પાણી પર તરે છે. પાણીમાંથી જ્યારે બરફ બને છે ત્યારે તેની ઘનતા પાણી કરતાં ઓછી થઈ જાય છે તેથી તે પાણીની સપાટી પર તરવા લાગે છે. ઠંડા પ્રદેશોમાં નદી, તળાવ કે દરિયાની સપાટી પર બરફ તરે છે અને નીચે પાણી વહેતું હોય છે. જો બરફ પાણીમાં ડૂબી જતો હોત તો આખો દરિયો કે નદી એ બરફ બની થીજી જાત.

આપણાં શરીરમાં પાણીનું ખૂબ પ્રમાણ હોય છે. નાના બાળકોમાં ૭૮% જેટલું અને મોટાઓમાં ૫૫ થી ૬૦ % જેટલું. આપણાં શરીરની ઘણી ક્રિયાઓ પાણી વગર અશક્ય છે. જેમ કે લોહીમાં રહેલું

પાણી પોષક પદાર્થો વિવિધ જગ્યાએ પહોંચાડવાનું કામ કરે છે. ઉપરાંત શરીરનો કચરો બહાર કાઢવા માટે પાણી જરૂરી છે. આપણાં શરીરનું તાપમાન પણ પાણીના કારણે જળવાઈ રહે છે.

પાણીના ટીપામાં ચીકાશ (stikness) નો ખાસ ગુણધર્મ રહેલો છે. તેના અણુઓ પોતાની સાથે અથવા બીજા સાથે ચોંટેલા રહે છે. જેથી ટીપાનો આકાર ગોળ હોય છે. આજ ગુણધર્મના કારણે પાણી વનસ્પતિમાં ગુરુત્વાકર્ષણના નિયમની વિરુદ્ધ એકબીજા સાથે ચોંટીને અને છોડની પાતળી નળીઓની સપાટી સાથે ચોંટીને નીચેથી ઉપર તરફ જાય છે.

પાણીનો ત્રણેય સ્વરૂપ (ઘન, પ્રવાહી અને વાયુ)માં આપણે જોઈ શકીએ છીએ. બીજા કોઈ પણ પદાર્થ ને એવી રીતે ત્રણેય સ્વરૂપમાં આપણે સામાન્યપણે જોઈ શકતા નથી. કારણ કે બીજા પદાર્થોને પીગળવા માટે ખૂબ ઊંચું તાપમાન જરૂરી છે અથવા વાયુ સ્વરૂપે રહેલાં પદાર્થોને ઘન સ્વરૂપમાં લાવવા માટે ખૂબ નીચા તાપમાનની જરૂર પડે છે.

તમને એ જાણીને નવાઈ લાગશે કે ચાર વ્યક્તિના એક કુટુંબના એક દિવસના ખોરાકને ઉગાડવા માટે આશરે ૧૫૦૦ લીટર પાણીની જરૂર પડે છે.

માનવામાં ના આવે તેવી વાત છે પણ જો તાપમાન ઘટાડવામાં આવે તો ખાસ કંડીશનમાં ઠંડા પાણીના પ્રમાણમાં ગરમ પાણી ઝડપથી બરફમાં ફેરવાય છે જે Mpemba effect તરીકે ઓળખાય છે.

---

**પેજ ૨૭ થી ચાલુ**

હજુ જવાબ આપું તે પહેલા તો તેણે ખ્રિસ્તી ધર્મ વિશેના તેના અનુભાવો, ખ્યાલો મારી આગળ ખુલ્લા મને દર્શાવ્યા. 'સાબ, પ્રભુ યેશુને જો કહા હૈં, 'માર્ગ, સત્ય, જીવન મેં હીં હું, જો કોઈ પરમેશ્વર કે પાસ જાના ચાહતા હૈં વો પ્રભુ યેશુ કે ઝરિયે જા શકતા હૈં.' તે તેના અનુભવો કહેવા લાગ્યો. 'સાબ, મૈં ચર્ચ જાતા હું તો મેં બિમાર હી નહીં પડતા. મુજે અચ્છા લગતા હૈ. સાબ, મેરે ગાંવ વાલે મુજે બોલતે હૈં કી ભાઈ તું પંડિત હોને કી વજહ ઈસાઈ બન રહા હૈ ? તુજે કોઈ દુલ્હન નહીં દેગા. તેરી શાદી નહિં હોગી. તબ મેં કહેતા હૂં 'અરે ! યહાં તો મેં ખુદ દુલ્હન બના હું, મેરા પ્રભુ ખુદ દુલ્હા બના હૈં. અગર ઉસકી મર્ઝી હોગી તો વો શાદીભી કરવાએગા ઓર અચ્છી દુલ્હનભી દેગા.' હું તો અવાક જ થઈ ગયો આવું મેં વિચાર્યું ન હતું અને આટલા ઓછા ગાળામાં કોઈ વ્યક્તિની પ્રભુ ઈસુ પ્રત્યેની આટલી લગની મેં જોઈ નહતી. પછી તો તેણે 'હે અમારે બાપ' પ્રાર્થના પણ મને સંભળાવી, મુસાની વાતો કરી, ઉપદેશમાળાની વાતો કરી. સાથો સાથ, અનિલ કાંતનું ગીત પણ મને ગાઈ સંભળાવ્યું. આ ઘટના દ્વારા પ્રભુએ મારી શ્રદ્ધા વધારવા જાણે દેવદૂતરૂપે જુગેશને મોકલ્યો હોય તેવું હું જોઈ શકતો હતો.

અંતે તેણે મને કહ્યું, 'સાબ, આપ પ્રાર્થના કરતે હો ?' મેં કહ્યું, 'હા.' તેણે કહ્યું, 'સાબ, આપ યે પ્રાર્થના કરના કી ૧૨ તારીખ સે પહેલે કોરોના ખતમ હો જાયે.' તે સમયે તો મને ૧૨ ફક્ત તારીખ જ લાગી પરંતુ ઘરે આવીને મેં જ્યારે આ વાતો વાગોળી ત્યારે મને સમજાયું કે ૧૨-૪-૨૦૨૦ એ તો ઈંફજીિ જેહઘ્ઢ્ઠઅ છે. મને મનમાં વિચાર આવ્યો કે ર્ઝહિઠ્ઠ ફૈંજિ દેશ-દુનિયામાંથી ક્યારે ખતમ થશે તેનો તો મને ખ્યાલ નથી પરંતુ મારા મનની પ્રભુ પ્રત્યેની ડગેલી શ્રદ્ધા જો ખતમ થાય તો ઘણું !

હું એક પરપ્રાંતીય માણસની ઈસુ પ્રત્યેની દ્રઢ શ્રદ્ધા ને મનોમન વંદી રહ્યો.

'...क्योंकि बादशाहत ओर कु दरतओर जलाल हमेशा तेरे ही हैं...'

# રંગપૂરણી

અમિત ક્રિસ્ટી




Scanned with CamScanner

## પ્રભુ ઈસુના ચમત્કારો

ટેનીલ્સ રૂબેન ક્રિસ્ટી

### ચાકરના કાનને સાજો કર્યો

તમારાં ભાઈ, બહેન કે ખાસ મિત્રને તમારા દેખતા કોઈ હેરાન કરે, અથવા મારે તો તમે શું કરો ? મોટા ભાગે આપણને ખૂબ ગુસ્સો આવે આપણે તે હેરાન કરનારને બોલીએ...તેની સાથે ઝઘડો કરીએ અથવા જો શક્ય હોય તો આપણે તેને મારી પણ બેસીએ.પ્રભુ ઈસુનાં બાર શિષ્યોમાંથી  પિત્તરની આવી એક વાત છે.

લુકની સુવાર્તાના ૨૨માં અધ્યાયમાં પ્રભુ ઈસુના આ પૃથ્વી પરના છેલ્લા દિવસોનું વર્ણન કરવામાં આવ્યું છે. યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ પછી ઈસુએ શિષ્યો સાથે પાસ્ખા પર્વ પાળ્યું. ત્યારબાદ હવે પછી શું બનવાનું છે તેની ઈસુને જાણ હતી. તેથી પ્રાર્થના કરવા તેઓ શિષ્યોને લઈને ગેથસેમાની વાડીમાં ગયા. ત્યારે તેમનો જ શિષ્ય યહૂદા ઈશ્કારીયોત તેઓને પરસ્વાધીન કરવા માટે મુખ્ય યાજકના સિપાઈઓ સાથે ત્યાં આવ્યો. તેઓએ ઈસુને પકડવાની કોશિશ કરી. આ સમયે પિત્તર ત્યાં હાજર હતો. તેણે આવી પરિસ્થિતિની કલ્પના કદી કરી ન હતી. તે ઈસુને પકડીને લઈ જતાં જોઈને સિપાઈઓ પર ખૂબ ગુસ્સે થઈ ગયો. આવી સ્થિતિમાંથી ઈસુને ઉગારવા તેણે તેની પાસે જ તલવાર હતી. તેનાથી મુખ્ય યાજકના ચાકર પર વાર કર્યો. આથી તે ચાકરનો કાન કપાઈ ગયો. તેને કદાચ એમ હશે કે આ રીતે હું ઈસુને અહીંથી દૂર લઈ જઈશ. બચાવી લઈશ.

પરંતુ ઈસુ તેને કહે છે કે તારી તલવાર મ્યાનમાં પાછી મૂકી દે.તેઓ આ પરિસ્થિતિ માટે વ્યથિત જરૂર હતાં.. એ માટે થોડીવાર પહેલા જ તેઓએ પ્રાર્થના પણ કરી હતી. પરંતુ છેવટે તેઓ ઈશ્વરની ઈચ્છાને આધીન થયા. તેમણે પેલા ચાકરના કાનને સ્પર્શ કર્યો અને તરત જ તે કપાઈ ગયેલો. લોહી નીકળતો એવો કાન સંપૂર્ણ સાજો થયો કેવો અજાયબ ચમત્કાર !! તેમણે દુશ્મનો ને  પણ માફ કરવાના પોતાના શિક્ષણનું ઉદાહરણ આપ્યું.

**આ બનાવની નોંધપાત્ર બાબતો કઈ છે ?**

- પ્રભુ ઈસુ તેમને નુકશાન પહોંચાડનારાને પણ મદદ કરવાનું ચૂકતા નથી.
- પ્રભુ ઈસુ તેમને પકડવા આવનારાના હાથમાંથી છટકી જઈ શકે છે પરંતુ તેઓ ઈશ્વરની ઈચ્છાને આધીન થાય છે. પોતાની જાતનું સમર્પણ કરે છે.

**આપણે શું શીખી શકીએ છીએ ?**

- ગમે તેવી પરિસ્થિતિમાં ગુસ્સે થવું જોઈએ નહીં કારણ કે ગુસ્સો આપણને અથવા તો સામેની વ્યક્તિને નુકશાન પહોંચાડે છે.
- આપણને નુકશાન પહોંચાડનારાઓને માફી આપતા શીખવું જોઈએ. કારણ કે આપણને પણ ઈસુના રક્ત મારફતે માફી મળે છે.
- ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરવું ભલે અઘરું લાગે પણ તેમની ઈચ્છાને આધીન રહેવું.

**પ્રાર્થના :** હે પ્રભુ જેમ તમે અમને શીખવ્યું છે તેમ અમે એકબીજાને માફ કરી શકીએ. ખાસ કરીને જેઓ અમને નુકશાન પહોંચાડવા ઈચ્છે છે તેઓને માફ કરી તેઓના પર પ્રેમ દર્શાવી શકીએ. જરૂર પડે તેઓની મદદ પણ કરીએ. એવું હૃદય અમને આપો. પ્રભુ ઈસુના નામમાં આમેન.

# શબ્દચોરસ કસોટી ભાગ - ૧૬૨

નોએલ ફિલીપ ક્રિશ્ચિયન (મણીનગર)

**શાસ્ત્રવાંચન : ગીતશાસ્ત્ર "અધ્યાય ૧ થી ૧૨"**

૧. પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે ........... પામે છે અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે.

(અ) હેરત (બ) આનંદ (ક) હર્ષ (ડ) ખૂશી

૨. હે રાજાઓ, તમે ...........રાખો, પૃથ્વીના ન્યાયાધીશો, તમે હવે શિખામણ લો.

(અ) સમજણ (બ) ધીરજ (ક) મહેરબાની (ડ) કૃપા

૩. હે યહોવા, તારા કોપમાં મને ન ધમકાવ, અને તારા રોષમાં મને........... ન કર.

(અ) દૂર (બ) ક્રોધી (ક) નાહિંમત (ડ) શિક્ષા

૪. હે યહોવા, સવારમાં તું મારી પ્રાર્થના સાંભળશે, સવારમાં તે ........... કરીને ઉત્તરને માટે તાકી રહીશ.

(અ) સિધ્ધ (બ) પ્રમાણે (ક) પૂર્ણ (ડ) પ્રાર્થના

૫. હું યહોવાને વિનંતી કરૂં, ત્યારે તે મારું સાંભળશે. તેનાથી ........... થાઓ, અને પાપ ન કરો.

(અ) પ્રભાવિત (બ) ભયભીત (ક) આનંદિત (ડ) સજ્જ

૬. સિંહ જેમ ગુફામાં છુપાઈ રહે છે તેમ તે ગુપ્ત જગામાં ભરાઈ રહે છે; તે ........... ને પકડવાને છુપાઈ રહે છે.

(અ) શિકાર (બ) લાચાર (ક) ગરીબો (ડ) મૂર્ખ

૭. ત્યારે હું કહું છું કે માણસ તે કોણ છે કે, તું તેનું સ્મરણ કરે છે ? અને મનુષ્યપુત્ર કોણ કે તું તેની ........... લે છે.

(અ) મુલાકાત (બ) ખબર (ક) માહિતી (ડ) જડતી

૮. પણ યહોવા સર્વકાળ રાજા તરીકે બિરાજે છે; તેણે ન્યાય કરવાને સારૂ પોતાનું ........... સિદ્ધ કર્યું છે.

(અ) ન્યાયીપણું (બ) વજૂદ (ક) માહાત્મ્ય (ડ) આસન

૯. યહોવા કહે છે કે, ગરીબોને લૂંટ્યાને લીધે તથા દરિદ્રીઓનાં ........... ને લીધે હું હવે ઊઠીશ.

(અ) પોકાર (બ) નિસાસા (ક) તુચ્છકાર (ડ) બચાવ

૧૦. વળી યહોવા દુઃખીઓને ........... થશે, તે સંકટ સમયે ગઢ થશે.

(અ) ઢાલરૂપ (બ) બચાવનાર (ક) કિલ્લારૂપ (ડ) છોડાવનાર

## Tony's Silver Dollar

Anonymous

Silver dollar Tony lived in the middle of a big city. His family was poor, but they were a happy family. They were happy because each one in the family, including Tony, had accepted the Lord Jesus as his Saviour. Even though Tony was only eight years old, he knew he was as inner and had asked the Lord Jesus to wash away his sins. Because he believed what the Bible says, he knew for sure that he would be in heaven with the Lord Jesus someday. Anyone who knows this is happy.

One day Tony's grandfather was visiting them and he gave Tony a silver dollar. Tony had never had a silver dollar before. He was so pleased with it that he keptl ooking at it, turning it over and over. He would put it in his pocket and then take it out to look at it again. How shiny and bright it was. He thought of many things he could buy with it.

Later that afternoon Tony reached into his pocket to take out his silver dollar again. It wasn't there! Where did it go? He turned all four of his pockets insideout, but it wasn't in any of them. He looked every where he remembered being that day, starting in the house. He even checked down in the basement. Then he ran outside where he had been playing games on the sidewalk, but he couldn't find it. Tony felt so badly he began to cry.

When he still had not found it by evening, he was so" down in the dumps" he just went to bed. He was so unhappy that he didn't even take the time to pray.

As he tried to go to sleep, a small, still voice seemed to say, "Tony, you didn't pray. " He would turn over and try to forget about it, but pretty soon the same small, still voice would remind him again.

Tony tossed and turned for quite a while. Each time he was about to fall asleep, he would hear the voice in his mind saying, "But, Tony, you haven't prayed."

Finally, he sat up in bed and said to himself, "May be I had better pray after all."

Tony climbed out of bed and knelt down on the floor beside his bed. "Ouch! What's that?" His knee was pressing down on something cold and hard.

It was his silver dollar!

Do you think that the Lord Jesus in heaven really listens to children's prayers? Yes, He certainly does, and don't let anyone try to tell you that He doesn't. Don't be afraid or get discouraged when things seem to be going all wrong. Talk to the Lord Jesus about it, and ask Him for help. Tony would have found his silver dollar much sooner if he had knelt down to pray when he first went to bed. We will get help and guidance from the Lord much sooner if we take our trouble to Him right away.

"Call unto Me, and I will answer thee, and show the great and mighty things, which thou knowest not. "Jeremiah 33:3.

## કુહાડીની ધાર

એલ્વિન ક્રિસ્ટી 'ડેમોલકર'

વ્હાલા મિત્રો ! આ 'કોરોના કાળ'માં તમે ઘરે રહીને કંટાળી ગયા હશો. આપ જે અભ્યાસ, જે પ્રવૃત્તિ કરતાં હશો તેમાં અનિશ્ચિત રીતે એક મોટો બ્રેક આવી ગયો છે. આ લાંબા ગાળાનાં વિરામને કારણે શક્ય છે કે તમે તમારી આવડત પ્રેક્ટિરનાં અભાવને કારણે ગુમાવી ચૂક્યા હશો કે તેમાં થોડા પાછા પણ પડી ગયા હશો. તમારી આવડત ઉપર કાટ ના ચઢી જાય તે માટે તમે સૌએ ઘરે રહીને પણ થોડા કલાકો સુધી પ્રેક્ટિસ, મનન-ચિંતન કરવું જ રહ્યું. આના સંદર્ભમાં વાંચેલી એક સુંદર વાર્તા આપને જણાવવા માંગુ છું.

બે કઠિયારા હતા. બંને કઠિયારાએ જંગલનાં માલિક પાસેથી એક જ દિવસે નોકરી મેળવી હતી. માલિકે બંનેને એકસમાન કુહાડી આપી. શરૂના દિવસોમાં બંને કઠિયારા સરખા જ લાકડા કાપતાં અને બંનેને એક સમાન જ વેતન મળતું હતું. થોડા સમય પછી એવું બન્યું કે એક કઠિયારાની આવક વધવા માંડી જ્યારે તેટલા જ સમયમાં અને તેટલા જ પ્રમાણમાં મહેનત કરવા છતાં બીજા કઠિયારાની આવક ઘટવા માંડી. માલિકને આ જોઈને આશ્ચર્ય થયું. એણે બંને કઠિયારાને બોલાવ્યા અને પહેલા જે કઠિયારાની કાર્યક્ષમતા અને કમાણી ઘટી હતી તેને પૂછ્યું કે કામ કરીને સાંજે ઘરે જઈને શું કરે છે ? કઠિયારાએ જવાબ આપ્યો કે 'લાકડા કાપ્યા પછી એટલો બદો થાકી જાઉં છું કે ઘરે જઈને સીધો કુહાડીને આંગણામાં જ મૂકી ભોજન લઈને ઊંઘી જાઉં છું.' બીજા દિવસની સવાર પડતાં જ સામે કાળી મજૂરીનો દિવસ દેખાય. પરાણે ઊઠીને હાથમાં કુહાડી પકડીને તમારા જંગલમાં જઈને કામે લાગી જાય. આજ મારો નિત્ય ક્રમ છે. માલિકે બીજા કઠિયારાને જે વધારે કમાણી કરતો હતો તેને પૂછ્યું. તો આ કઠિયારાએ કાંઈક આવો જવાબ આપ્યો. 'માલિક, સાંજે કામ કરીને ઘરે જાઉં. કુહાડી મારી 'અન્નદાતા' સમાન છે. એટલે તેને દિવાલ ઉપર મૂકવા માટે મેં પાસે જગ્યા બનાવી છે ત્યાં તેને સંભાળીને પ્રેમથી મૂકું. ભોજન લઈને પરિવાર જોડે સમય વિતાવું. રાત્રે સૂતા પહેલા રોજ કુહાડીની ધારને તેજ કરું. ઈશ્વરને દરરોજ પ્રાર્થના કરું કે આજ રીતે મને તન અને મનથી સ્વસ્થ રાખજે. મારી કમાણીમાં બરકત લાવતો રહેજે.'

મિત્રો ! આપણે પણ ઘરે રહીને આપણી કુહાડીની ધારને તેજ કરવી પડશે. એટલે કે આપણો અભ્યાસ ચાલુ રાખવો પડશે. આ બીજા કઠિયારાની જેમ આપણો માનસિક અભિગમ હકારાત્મક રાખવો પડશે જેથી આપણું શરીર અને મન પાંગળું ના બની જાય અને આ લોકડાઉન ખુલ્યા પછી પણ આપણી આવડત એવી ને એવી જળવાઈ રહે.

આપણે સૌ ક્યારે કોરોનાના રંજાડ અને લોકડાઉનથી મુક્ત બનીએ અને કામ ધંધે રાબેતા મુજબ જઈએ તેની રાહ જોતા રહીને ઘરે બેઠા સમયનો વેડફાટ કરીએ અથવા સંપૂર્ણ અર્થદીન પ્રવૃત્તિનો સમય વિતાવીએ તેના કરતાં આપણો જે કાંઈ અભ્યાસ, કામધંધો કે પ્રવૃત્તિ છે તેના ઉપર અગાઉના જેવી જ આવડત કે ફાવટ જળવાઈ રહે તે માટે આપણી આવડત ઉપરની 'ધાર' તેજ કરતાં રહીએ તે જ આજના કપરા સમયની માંગ છે. તો જ આપણે સૌ કોરોના ........ નવી ઈનિંગમાં વધારે બહેતર દેખાવ કરી શકીશું અને સફળ થઈ શકીશું.

(વ્યક્તિત્વ - ઘડતર શ્રેણી માટેનો લેખ)

## Cross Word

Philemon M. Parmar, Maninagar

Find Out The Words

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| K | P | R | A | P | E | A | R | E | F | G | H |
| J | I | P | E | A | C | H | L | K | L | M | N |
| G | A | W | O | P | Q | P | M | A | N | G | O |
| R | P | R | I | S | P | T | U | V | W | X | Y |
| A | P | Z | A | A | C | O | C | O | N | U | T |
| P | L | B | E | C | A | D | E | F | G | H | B |
| E | E | N | O | I | V | V | J | K | L | M | A |
| S | I | N | R | O | P | Q | O | R | S | T | N |
| P | U | V | A | W | X | Y | Z | C | A | B | A |
| C | D | E | N | F | G | H | I | J | A | K | N |
| L | M | N | G | C | H | E | R | R | Y | D | A |
| O | P | Q | E | S | O | N | E | R | I | B | O |
| | | | | | | | | | | | |

PEAR

CHERRY

APPLE

AVOCADO

COCONUT

BANANA

MANGO

ORANGO

PINEAPPLE

GRAPES

PEACH

KIWI





# બાલવાટિકા

શ્રી ગારફિલ્ડ મેકવાન (સુરત)

**ભાગ - ૧૧૧**



## ▪ ઉલ્ટા પુલ્ટા :

તમારી ..............................................
સર્વ માણસોના જાણવામાં આવે.
નીચેનાં અક્ષરોને યોગ્યક્રમમાં
ગોઠવીને ઉપરની ખાલીજગ્યા પૂરો

**નતાશીહસલ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

## ભાગ ૧૧૦ નાં જવાબો

▪ ઉલ્ટા પુલ્ટા :

**તહોમત**

લૂક ૨૩ : ૧૪

▪ રસ્તો શોધો :



▪ બાઈબલ કવીઝ :

**D સૂકા**

લૂક ૨૩ : ૩૧

## ▪ કોણ દુઃખી ? :

બાળકો, નીચે હસતાં બાળકોનો એક સમુહ છે. પરંતુ તેમાં એક દીકરી છે જે સમુહમાં હોવા છતાં દુઃખી છે તેને શોધો.



▪ બાઈબલ કવીઝ :

"દરેકે નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ........................ ગણવા."

ફિલિપ્પીઓને પત્રમાંથી શોધીને નીચેનાંમાંથી સાચો ઓપ્શન ખાલી જગ્યામાં મૂકો.

**A** હલકાં　　**B** કમજોર
**C** હોંશિયાર　　**D** ઉત્તમ


My Prayer
for
Corona


if My people who
are called by My
name will humble
themselves,
and pray and seek My
face, and turn from their
wicked ways,
then I will hear
from heaven,
and will forgive
their sin and heal
their land.
2 Chronicles 7:14 (NKJV)

Registered under RNI No. GUJGUJ/2009/29194
Permitted to Post at Ahd. PSO on 2nd EM under Postal
Regn No. GAMC - 1718/2018-2020 Valid up to 31-12-2020
Published on 2nd Every Month

